અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૪ | તારીખ : ૦૭ ઓક્ટોબર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | અંક : ૯૮ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | અમદાવાદ | કિંમત : રૂા. ૨.૦૦ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગુજરાત ATS-દિલ્હી NCBની મોટી કાર્યવાહી

## MD ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ, ૧૮૧૪ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

### સર્ચ દરમ્યાન કુલ 907.09 kg મેફેડ્રોન (સોલીડ તથા લીક્વીડ) મળી આવેલ, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે ૧૮૧૪.૧૮ કરોડ થાય છે

| (એજન્સી) ભોપાલ, તા.૬ |



મધ્ય પ્રદેશના ભોપાલમાં રહેતા અમીત ચતુર્વેદી તથા નાસીક, મહારાષ્ટ્રમાં રહેતા સનયાલ બાને ભોપાલના બગરોડા GIDC ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ડ્રગ્સ બનાવવાની ફેકટરી શરૂ કરી. બાતમીના આધારે ગુજરાત ATS અને NCB દિલ્હીની ટીમ દ્વારા રેડ કરી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જે દરમ્યાન માદક પદાર્થ મેફેડ્રોન (MD) બનાવવા માટેની પ્રોસેસ ચાલુમાં હોવાનું ખૂલવા પામેલ. સર્ચ દરમ્યાન કુલ ૯૦૭.૦૯ kg મેફેડ્રોન (સોલીડ તથા લીક્વીડ) મળી આવેલ, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે રૂપિયા ૧૮૧૪.૧૮ કરોડ થાય છે.

આ ઉપરાંત ૪૦૦ કિલોગ્રામ ૨ બ્રોમો ૪ મીથાઈલ પ્રોપીયોફીનોન, ૧૮૦૦ KG મોનો મીથાઈલ એમાઈન, ૧૦૦૦ KG એસીટોન, ૮૦૦ KG ટોલ્યુઈન, ૮૦૦ KG એચ.સી.એલ. તથા અન્ય રો-મટીરીયલ અને મેફેડ્રોન (MD) ઉત્પાદન માટે ઉપયોગમા લેવાતા સંસાધનો ગ્રાઈન્ડર, મોટર, ગ્લાસ ફલાસ્ક, હીટર વગેરે કબ્જે કરવામાં આવેલ ઝડપાયેલ આરોપી. અમીત પ્રકાશચંદ્ર ચતુર્વેદી, ઉ.વ. ૫૭ વર્ષ, રહે. કોટરા સુલ્તાનાબાદ રોડ, હુઝુર,ભોપાલ, મધ્યપ્રદેશ સનયાલ પ્રકાશ બાને, ઉ.વ. ૪૦, રહે. પ્રભુ એટલાન્ટીસ, નાસીક-ગંગાપુર રોડ, નાસીક, મહારાષ્ટ્ર આરોપી સનયાલ પ્રકાશ બાને આ અગાઉ વર્ષ ૨૦૧૭માં અંબોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં 1- kg મેફેડ્રોન (MD) સીઝર કેસમાં પકડાયેલ અને ૫ વર્ષ જેલમાં રહ્યો હતો. જેલમાંથી છૂટ્યા બાદ તેણે અમીત ચતુર્વેદી સાથે મળી ગેરકાયદેસર મેફેડ્રોન (MD) ના ઉત્પાદન અને વેચાણ દ્વારા મોટા પ્રમાણમાં નાણાંકીય લાભ મેળવવાનો પ્લાન બનાવેલ. જે મુજબ તેઓએ ભોપાલના બગરોડા GIDC ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે ૬-૭ મહિના અગાઉ એક શેડ ભાડે લઈ તેમાં ૩-૪ મહિનાથી ગેરકાયદેસર મેફેડ્રોન (MD) તૈયાર કરવા રો- મટીરીયલ, સાધન-સામગ્રી એકત્રિત કરેલ હતી અને કેમીકલ પ્રોસેસ અને ઉત્પાદન શરૂ કર્યું હતું.

અંદાજિત ૨૫૦૦ વારની જગ્યાના શેડમાં ચાલી રહેલ ઉપરોક્ત પકડાયેલ ફેકટરી ATS Gujarat દ્વારા આજ દિન સુધી પકડવામાં આવેલ ગેરકાયદેસર ફેક્ટરીઓ પૈકી સૌથી મોટી હોવાનો દાવો ATS દ્વારા કરવામાં આવ્યો છે. ૫-૭ દિવસમાં અંદાજિત ૪૦-૫૦ kg મેફેડ્રોન (MD) ઉત્પાદન કરવાની ક્ષમતા આ ફેકટરી ધરાવે છે. પકડાયેલ આરોપીઓ આ ગુન્હાહિત પ્રવૃત્તિમાં કેટલા સમયથી સામેલ હતા અને તેઓએ ગેરકાયદેસર રીતે બનાવેલ માદક પદાર્થ મેફેડ્રોન (MD) કઈ-કઈ જગ્યાએ તથા કોને વેચાણ કરેલ હતો અને એ માટે તેઓને નાણા કઈ રીતે મળતા હતા તથા આ નાર્કોટીક્સ ડ્રગ કાર્ટેલમાં અન્ય કઈ-કઈ વ્યક્તિ સામેલ છે એ અંગે વધુ તપાસ ચાલુમાં છે.

### નક્સલવાદ પર ગાળિયો કસાશે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આઠ રાજ્યોના સીએમ સાથે કરશે બેઠક

| (એજન્સી) નવી દિલ્હી, તા.૬ |




કેન્દ્ર સરકાર નક્સલવાદ પર કડક કાર્યવાહી કરવાની રણનીતિ બનાવી રહી છે. આને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સોમવારે આઠ નક્સલ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. નવી દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓ હાજરી આપશે. ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યોને વિકાસ સહાય પૂરી પાડતા મંત્રાલયોના પાંચ કેન્દ્રીય પ્રધાનો પણ આ બેઠકમાં હાજરી આપશે. આ બેઠકમાં કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના વરિષ્ઠ અધિકારીઓ અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પણ ચર્ચામાં ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદી સરકારની રણનીતિના કારણે ડાબેરી ઉગ્રવાદી હિંસામાં ૭૨ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ૨૦૨૩માં નક્સલવાદી હિંસાને કારણે મૃત્યુ પામનારની સંખ્યામાં ૮૬ ટકાનો ઘટાડો થયો છે. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા એવું કહેવામાં આવી રહ્યું છે કે, નક્સલવાદીઓ હવે અંતિમ શ્વાસ લઈ રહ્યાં છે. ગૃહ મંત્રાલયના અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૬ સુધીમાં ડાબેરી ઉગ્રવાદને સંપૂર્ણ રીતે ખતમ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. કેન્દ્ર સરકાર ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશની રાજ્ય સરકારોને નક્સલવાદના ખતરા સામે લડવામાં તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે.

### RSS પ્રમુખ ભાગવતનું મોટું નિવેદન

## ભારત એક હિન્દુ રાષ્ટ્ર, હિન્દુ સમાજના લોકો એકજૂટ થાય

| (એજન્સી) નવી દિલ્હી, તા.૬ |



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે હિન્દુ સમાજને એકજૂટ થઈ એકતા, સદ્ભાવના અને બંધુજનની લાગણી સાથે રહેવા આહ્વાન કર્યું છે. મોહન ભાગવતે નિવેદન આપતાં હિન્દુ સમાજને જાતિ, ભાષા અને પ્રાદેશિક મતભેદો અને વિવાદો દૂર કરી પોતાની સુરક્ષા માટે એકજૂટ રહેવા અપીલ કરી છે.

તેમણે જણાવ્યું કે, 'સમાજમાં આચરણનું અનુશાસન, રાજ્ય પ્રત્યે કર્તવ્ય અને લક્ષ્ય-ઉન્મુખના ગુણો હોવા જરૂરી છે. સમાજ માત્ર 'હું અને મારો પરિવાર'થી બનતો નથી. પરંતુ આપણા સમાજ પ્રત્યેના સર્વાંગી વિકાસ મારફત જીવનમાં ઈશ્વરને પ્રાપ્ત કરવાનો છે.' આરએસએસ ચીફ મોહન ભાગવતે કહ્યું કે, 'સંઘનું કામ યાંત્રિક નહીં, પરંતુ વિચાર આધારિત છે. સંઘના કાર્યની તુલનામાં વિશ્વનું કોઈ કાર્ય ન આવે. સંઘની તુલના કોઈની સાથે કરી શકાય નહીં. સંઘના સંસ્કાર સમૂહ નેતામાં, સમૂહ નેતામાંથી સ્વયંસેવકમાં અને સ્વયંસેવકમાંથી પરિવારમાં જાય છે. અને પરિવારથી સમાજનું નિર્માણ થાય છે. સંઘમાં વ્યક્તિના વિકાસની આ પદ્ધતિ અપનાવવામાં આવે છે.' મોહન ભાગવતે કહ્યું કે, 'વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા દેશની તાકાતના કારણે છે. ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે. અને પ્રાચીન કાળથી અહીં વસી રહ્યા છે. જો કે, હિન્દુ નામ બાદમાં આવ્યું. અહીં રહેતાં ભારતના તમામ સંપ્રદાયો માટે હિન્દુ શબ્દનો ઉપયોગ કરવામાં આવતો હતો. હિન્દુ તમામને પોતાના માને છે અને તમામનો સ્વીકાર કરે છે. હિન્દુ કહે છે અમે સાચા છીએ અને તમે પણ તમારા સ્થાને સાચા છો. એક બીજા સાથે સતત સંવાદ કરતાં સદ્ભાવના સાથે રહો. સ્વયંસેવકોએ દરેક જગ્યાએ સંપર્ક કરવો જોઈએ. સમાજમાં રહેલી ખામીઓ દૂર કરી સમાજને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સમાજમાં સામાજિક સમરસતા, સામાજિક ન્યાય, સામાજિક સ્વાસ્થ્ય અને શિક્ષણ, સ્વાવલંબનને પ્રોત્સાહન આપવા આહ્વાન કરૂ છું.'



## ન્યૂઝ બ્રિફ

### ગૃહમંત્રીની શેખી વચ્ચે સલામત ગુજરાતમાં મહિલાઓ અસલામત

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી એવી શેખી મારે છે કે, તમે આખી રાત ગરબે ઝૂમો, પણ ગુજરાતની જનતા સવાલ કરી રહી છે કે, દિકરીઓની સુરક્ષા કરશે કોણ? તેનું કારણ એ છે કે, ગુજરાતમાં દુષ્કર્મના કિસ્સા વધી રહ્યા છે, પરિણામે મહિલાઓ અસલામતી અનુભવી રહી છે. ભાજપના રાજમાં કાયદો વ્યવસ્થા જાણે પડી ભાંગી હોય તેવુ ચિત્ર ઊપસ્યુ છે. દાહોદમાં પાંચ વર્ષની માસુમ બાળકીને શાળાના નરાધમ આચાર્યએ જ હવસનો શિકાર બનાવી કરુણ હત્યા કરી નાંખી હતી. સુરેન્દ્રનગરમાં નશામાં ધૂત એક વ્યક્તિએ પાંચ વર્ષની માસુમ બાળકીને પીંખી નાંખી હતી. મહેસાણામાં એક સગીરા પર હોટલ પર દુષ્કર્મ આચરવામાં આવ્યં હતું ઉત્તર ગુજરાતમાં જ એક ભૂવાએ દુષ્કર્મ આચર્યુ હતું. આ ઘટનામાં ભાજપ યુવા મોરચાના મંત્રીની સંડોવણી બહાર આવી હતી. આ ઘટનાઓ વચ્ચે શનિવારે (પાંચમી ઓક્ટોબર) વડોદરામાં ભાયલીમાં એક સામૂહિક દુષ્કર્મની ઘટના બની હતી. ગૃહમંત્રી આખી રાત ગરબે ઝૂમવાની મોટાઉપાડે જાહેર કરી એવી શેખી મારે છે કે, શું અહીં ગરબા નહીં રમીએ તો પાકિસ્તાનમાં રમવાના? જે રીતે ગુજરાતમાં પંદરેક દિવસમાં જ દુષ્કર્મની છ ઘટનાઓ બની છે. ત્યારે આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એવો ટોણો માર્યો કે, 'શું હવે દિકરીના ન્યાય માટે પાકિસ્તાન જવાનું?' દુષ્કર્મ, છેડતીની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ 'ઠ' પર લખ્યું કે, ભાષણ કરવામાં શૂરા ગૃહમંત્રી જો બહેન-દિકરીઓની સુરક્ષા કરી શકતા ન હોય તો રાજીનામુ આપી દેવું જોઈએ. આજે ગુજરાતમાં મહિલાઓ અસલામતી અનુભવી રહી છે.'

### યુવતી-યુવતીનો અશ્લીલ હરકતો કરતો વીડિયો વાયરલ

। (એજન્સી) પાલનપુર, તા.૬ ।

ફરી એકવાર અશ્લીલ હરકત કરતો વીડિયો વાયરલ થયો છે, આ વખતે આ વીડિયો બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાથી સામે આવ્યો છે. અહીં ન્યૂ એસટી પૉર્ટમાં એક યુવક અને યુવતી જાહેરમાં અશ્લીલ હરકત કરતો હોવાનો વીડિયો સામે આવતા તંત્ર સામે લોકો રોષે ફેલાયા છે. સામે આવેલા વીડિયો અનુસાર, બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં બનેલા ન્યૂ એસટી પૉર્ટમાં એક યુવક અને યુવતી ખરાબ હરકતો કરતાં કેમેરામાં કેદ થયા છે. પાલનપુરમાં બનેલું ન્યૂ એસ. ટી બસ પૉર્ટ હાલમાં અસામાજીક પ્રવૃત્તીઓનો અડ્ડો બની ગયુ છે. અહીં પૉર્ટના એક ખુણામાં એક યુવક અને યુવતી બિભત્સ રીતે એકબીજા સાથે અશ્લીલ હકરતો કરતાં હતા, યુવક અને યુવતી બન્ને પહેલા બેઠાં બેઠાં અને બાદમાં ઉભા થઈને કોઈને પણ શરમ રાખ્યા વિના જાહેરમાં ગંદી ગંદી હરકતો કરી રહ્યાં હતા.

#### કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલાના કર્મીને મળશે જૂની પેન્શન યોજનાનો લાભ


। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારના લાખો કર્મચારીઓના હિતલક્ષી મહત્વ પૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. મંત્રી મંડળની બેઠક બાદ આ નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સરકારના કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરાયેલી વિવિધ રજૂઆતો સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આજે લાખો કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કર્મચારીઓના પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ આવે તે સંદર્ભે મંત્રી મંડળના સભ્યોની કમિટી રચવામાં આવી હતી. આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ, સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા અને પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડની સમિતિએ કર્મચારી મંડળના હોદ્દેદારો સાથે મેરેથોન બેઠકો યોજી હતી, જેના પરિણામે આજે કર્મચારીઓના વિવિધ પ્રશ્નોનું આજે સુખદ સમાધાન આવ્યું અને આ મહત્વના નિર્ણયો લેવાયા છે. નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રીએ જણાવ્યું હતું કે, તા. ૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂંક મેળવનાર કર્મચારીઓની નિમણૂંક હુકમની શરતો અનુસાર તેમની ફિક્સ પગારની સેવા, નિવૃતિ વિષયક લાભો તથા અન્ય લાભો માટે પાત્ર ગણાશે નહીં, તેવો ઉલ્લેખ હતો. જે તે કર્મચારીઓએ આ બાબતે લેખિતમાં બાહેધરી પણ આપી હતી, તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા સહાનુભૂતિપૂર્વક કર્મચારી અને તેમના પરિવારજનોના હિતાર્થે આ લાભો રાજ્યના આવા ૬૦ હજારથી વધુ કર્મચારીઓને આપવાનો સૈધ્ધાંતિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારમાં વિવિધ સંવર્ગના જે અધિકારી-કર્મચારીઓ નવી પેન્શન યોજનાના અમલની તારીખ એટલે કે, તા. ૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂંક કરવામાં આવેલ હોય અને તેમની નિયમિત નિમણૂંક તા. ૦૧/૦૪/૨૦૦૫ પછી થઇ હોય અથવા તા. ૦૧/૦૪/૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ થઇ ગયેલ હોય પરંતુ વહીવટી કારણોસર તેમની નિમણૂંક તા. ૦૧/૦૪/૨૦૦૫ પછીની હોય તેવા તમામને મળીને અંદાજીત ૬૦,૨૪૫ જેટલા અધિકારી-કર્મચારીઓને જૂની પેન્શન યોજના સ્વીકારવા માટે વન ટાઈમ વિકલ્પ આપવાની રજૂઆત વિવિધ કર્મચારી મંડળો દ્વારા કરવામાં આવી છે. જેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે.

#### આ દરીંદો કોઈ પણ ખુણામાં હશે તેને પકડી પાડીશું

# વડોદરા ગેંગરેપની ઘટના વિશે બોલતા ભાવુક થયા હર્ષ સંઘવી

। (એજન્સી) સુરત, તા.૬ ।



સુરતમાં નવરાત્રિના આયોજન દરમિયન ગૃહરાજ્ય મંત્રી વડોદરામાં એક સગીરા સાથે થયેલા ગેંગરેપની ઘટનાની વાત કરતા ભાવુક થયા હતા. તેમણે જાહેરમાં કહ્યું કે, મારી ગુજરાતની દીકરી સાથે જે ઘટના બની છે, તેનાથી મારું લોહી ઉકળી ગયું છે. આ દરીંદાને પકડવા પોલીસને માં અંબા શક્તિ આપે. અંબાના ચરણોમાં વંદન કરી આરોપીઓને પકડી પાડીશું. આપણી પાસે રાજનીતિ પાસે અનેક મોકા હોય છે. નવરાત્રી ના તહેવાર માં અપરા પર્વ ને કોઈ બદનામ કરે તેવું કામ નહિ કરતા. માં અંબે અને ઘરે રહેલ માંનો વિચારીને કોઈ ખોટું કામ નથી કરતા. સુરતમાં નવરાત્રિના એક કાર્યક્રમ દરમિયાન ગૃહરાજ્ય મંત્રી વડોદરા ગેંગરેપની ઘટનાની યાદ કરતા ભાવુક થયા હતા. ગૃહરાજ્ય મંત્રીએ નિવેદન આપતા જણાવ્યું કે, મારી ગુજરાતની દીકરી સાથે જે ઘટના બની છે. મારું લોહી ઉકળી ગયું છે.

આ દરીંદાને પકડવા પોલીસને માં અંબા શકતી આપે. અંબાના ચરણોમાં વંદન કરી આરોપીઓને પકડી પાડીશું, ભલે કોઈ પણ ખૂણામાં છુપાયા હોય. આપણી પાસે રાજનીતિ પાસે અનેક મોકા હોય છે. નવરાત્રિના તહેવારમાં આપણા પર્વને કોઈ બદનામ કરે તેવું કામ નહિ કરતા. માં અંબે અને ઘરે રહેલ માંનો વિચારીને કોઈ ખોટું કામ નંઈ કરતા. હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું કે જે રાજ્ય પોલીસ આરોપીને શોધવા માટે સતત કામ કરી રહી છે અને માં અંબા આરોપીને ઝડપી પાડવા માટે શક્તિ આપશે. સુરત પોલીસ કમિશનરે કહ્યું કે, જ્યાં સુધી આરોપી ઝડપાઈ નહીં, ત્યાં સુધી ગુજરાતની પોલીસ ઊંઘશે નહીં. નારાજ હમને ગમે ત્યાંથી ઝડપી પાડીને ત્યારે પણ કોઈ દીકરી ઉપર આ પ્રકારની નજર નહીં નાખે તેવું ઉદાહરણરૂપ સજા કરીશું. આવા વિષય ઉપર રાજનીતિ ન થવી જોઈએ. કેટલાક લોકો ગરબા મોડે સુધી રમવા બાબતે રાજનીતિ કરી રહ્યા છે, હું એમને કહેવા માગું છું કે રાજનીતિ કરવા માટે અનેક મુદ્દાઓ મળી જશે, પરંતુ નવરાત્રિ અને ગરબા ઉપર રાજનીતિ કરવી જોઈએ નહીં. સુરતના માંડવી તાલુકામાં શિક્ષણ જગતને લાંછન લગાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. આશ્રમ શાળાની સગીર બાળકી સાથે આચાર્ય દ્વારા અડપલા કરાયા હતા.

# ગરબા જોઈને પરત આવતા ત્રણ યુવાનના કારની ટક્કરે મોત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૬ ।

નવરાત્રિ દરમિયાન રાતે રસ્તા પર વાહનો બેફામ દોડતા જોવા મળે છે જેના કારણે એક્સિડન્ટ થવાની શક્યતા વધી જાય છે. બનાસકાંઠાના ધાનેરાના ખીમત પાસે શનિવારે રાતે એક ફોર્ચ્યુનર કારે એક મોટરસાઈકલને ટક્કર મારતા ત્રણ યુવકોના મોત નીપજ્યા છે, જ્યારે એક યુવકને ગંભીર ઈજા થઈ છે. પ્રાથમિક માહિતી પરથી એવું લાગે છે કે એક જ મોટરસાઈકલ પર ચાર યુવાનો એક સાથે સવારી કરતા હતા અને ફોર્ચ્યુનર કારે તેમને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે ફોર્ચ્યુનર કારના આગળના ભાગ અને મોટરસાઈકલના કટકા થઈ ગયા હતા. એક્સિડન્ટ કરનાર કાર પર કોઈ નંબર પ્લેટ ન હતી, પરંતુ કારની અંદરથી એક જ સરખા નંબરની ત્રણ નંબર પ્લેટ મળી આવી હતી. કાર એકિસડન્ટ કરીને ડ્રાઈવર કાર મૂકીને ભાગી ગયો હતો. પોલીસે આપેલી માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ઘાડા ગામના ચાર યુવાનો આ અકસ્માતનો ભોગ બન્યા જેમાં ત્રણના મોત થયા હતા અને એકને ગંભીર ઈજા થઈ હતી. મહીપતસિંહ વાઘેલા, પંકજસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ વાઘેલા અને મહાવીરસિંહ વાઘેલા નામના યુવાનો પોતાની મોટરસાઈકલ લઈને ધાનેરાના ખીમંત ગામે ગરબા જોવા માટે ગયા હતા. રાત્રિના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ગરબા જોઈને ચારેય મિત્રો પરત પોતાના ગામ ધાડા જઈ રહ્યા હતા. આ સમયે ખીમંત ગામના ઉમેદપુરાના પાટિયા પાસે સામેથી આવી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે ટક્કર મારતા રસ્તા પર જ તેમના મોત થયા હતા. મહીપતસિંહ વાઘેલા, પંકજસિંહ વાઘેલા અને યોગેન્દ્રસિંહ વાઘેલાના મોત થયા છે જ્યારે મહાવીરસિંહ વાઘેલાને ઈજા થઈ છે. એવું જાણવા મળ્યું છે કે ફોર્ચ્યુનરના ચાલકે એટલી સ્પીડમાં ગાડી ચલાવી હતી કે મોટરસાઈકલને ૨૦૦ મીટર સુધી ઢસડ્યું હતું. તેમાં મહાવીર સિંહ વાઘેલા ફેંકાઈ ગયા જ્યારે બાકીના ત્રણ યુવકો મોટરસાઈકલ સાથે જ ઢસડાયા હતા અને ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અકસ્માત કરનાર કારમાં કેટલા લોકો હતા અને એક્સિડન્ટ પછી કેવી રીતે ભાગી ગયા તે જાણી શકાયું નથી.

#### રાજકોટમાં ગરબાની ગરિમા લજવાઈ!

## નવરાત્રીમાં બોલીવુડ અને હોલીવુડના સોંગ પર ઠુમકા

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

ગુજરાતીઓની આગવી ઓળખ એટલે ગરબા. જે વિશ્વભરમાં પ્રખ્યાત છે. હાલ નવરાત્રીનો પાવન પર્વ ચાલી રહ્યો છે. ત્યારે લોકો મા અંબાની આરાધના કરવા માટે મન મૂકીને ગરબા રમતા હોય છે. પરંતુ રાજકોટમાંથી ગરબાનું સાવ અલગ જ ચિત્ર સામે આવ્યું છે. નવરાત્રીમાં ગરબા રમવાની જગ્યાએ હોલીવુડ અને બોલીવુડના સોંગ પર ઠુમકા લગાવતા જોવા મળ્યા છે. માતાજીની આરાધના કરવાની જગ્યાએ ૩૧ ડિસેમ્બરની પાર્ટી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જેના વીડિયો વાઈરલ થતાં સમગ્ર મામલો સામે આવ્યો છે. રાજકોટમાં મા આદ્યશક્તિની આરાધનાના પર્વમાં વિદેશી પોપ સોંગ પર ગરબા રમાતા હોવાનો વીડિયો વાયરલ થયો છે.

#### સુરતમાં વધુ એક ધૃણાજનક ઘટના સામે આવી

# આશ્રમ શાળાના આચાર્યની કરતૂત, વિદ્યાર્થિનીની છેડતી કરી

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરતમાં વધુ એક ધૃણાજનક ઘટના સામે આવી છે. ફરી એકવાર શિક્ષણજગતને શર્મસાર કરતુ કૃત્ય આચાર્ય દ્વારા આચરવામાં આવ્યું હોવાની ઘટના ઘટી છે. સુરતમાં એક બાળકીને આશ્રમ શાળાના આચાર્યએ છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાઇ હતી, જે પછી પોલીસે આરોપી આચાર્યની ધરપકડ કરી લીધી હતી. હાલમાં આ મામલે તપાસ ચાલુ છે.

આશ્રમ શાળામાં ભણતી એક સગીરાએ પોતાના જ શિક્ષક આચાર્ય પર છેડતી કર્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સગીરાએ આરોપ લગાવ્યો છે કે, આચાર્યએ તેની સાથે જબરદસ્તીથી છેડતી અને શારીરિક અડપલાં કર્યા હતા. ડરી ગયેલી સગીરાએ આ મામલે કોઈને જાણ હતી કરી પરંતુ બાદમાં તેને પોતાના પરિવારને આ સમગ્ર ઘટના અંગે વાત કરતાં પરિવારે ફરિયાદ નોંધાવી હતી. આશ્રમ શાળામાં આચાર્ય જે મૂળ નવસારી જિલ્લાનો રહેવાસી છે અને સુરતના મંડવીમાં છેલ્લા ૨૪ વર્ષથી ફરજ બજાવી રહ્યો છે. ફરિયાદ બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. ફરી એકવાર અશ્લીલ હરકત કરતો વીડિયો વાયરલ થયો છે, આ વખતે આ વીડિયો બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાથી સામે આવ્યો છે. અહીં ન્યૂ એસટી પૉર્ટમાં એક યુવક અને યુવતી જાહેરમાં અશ્લીલ હરકત કરતો હોવાનો વીડિયો સામે આવતા તંત્ર સામે લોકો રોષે ફેલાયા છે. સામે આવેલા વીડિયો અનુસાર, બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં બનેલા ન્યૂ એસટી પૉર્ટમાં એક યુવક અને યુવતી ખરાબ હરકતો કરતાં કેમેરામાં કેદ થયા છે. પાલનપુરમાં બનેલું ન્યૂ એસ. ટી બસ પૉર્ટ હાલમાં અસામાજીક પ્રવૃત્તીઓનો અડ્ડો બની ગયુ છે. અહીં પૉર્ટના એક ખુણામાં એક યુવક અને યુવતી બિભત્સ રીતે એકબીજા સાથે અશ્લીલ હકરતો કરતાં હતા, યુવક અને યુવતી બન્ને પહેલા બેઠાં બેઠાં અને બાદમાં ઉભા થઈને કોઈને પણ શરમ રાખ્યા વિના જાહેરમાં ગંદી ગંદી હરકતો કરી રહ્યાં હતા. આ અશ્લીલ અને બિભત્સ એક્ટિંગ કેમેરામાં કેદ થયા બાદ વાયરલ થઈ હતી.

#### સુરતમાં ગજબનો કિસ્સો બન્યો છે

# પોલીસ સ્ટેશન ગયેલા યુવકને મળી ગયું ખોવાયેલું બાઈક

### સુરતમાં યુવકની સ્કુટી ચોરી થઈ, આંખમાં આંસુ લઈને પોલીસ મથકે જતાં જપ્ત કરેલા વાહનોમાંથી ચોરી થયેલ બાઈક મળી આવી

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરતમાં ગજબનો કિસ્સો બન્યો છે. ગત રોજ વેસુ રોડ પર યુવકની મોપેડ બાઈક ચોરાઈ પોલીસ મથકે ફરિયાદ કરવા જતા ૬ મહિના પહલા ચોરી થયેલ બાઈક મળી આવી છે. સુરતના અપૂર્વ શાહ નામના યુવકની સ્કૂટી ચોરી થઈ જતા તે અલથાણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા માટે ગયો હતો. જ્યાં તેણે જોયું તો પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનમાં ૬ માસ પૂર્વે તેની ચોરાયેલી બાઈક મૂકાયેલી છે. બાઈક પર લખેલ 'ડોમિનેટર' લખાણથી યુવકને આ પોતાની જ બાઈક છે તેવી ઓળખ થઈ હતી. સુરત શહેરના નાનપુરા ખાતે રહેતો ૨૮ વર્ષીય અપૂર્વ શાહ ગતરોજ બપોરના સમયે કોઈ કામ અર્થે વેસુ કેનાલ રોડ પર આવ્યો હતો. ત્યારે તેની સ્કૂટી ચોરાઈ ગઈ હતી. યુવકના છ મહિનામાં બે વાહન ચોરી થઈ જતાં ભારે નિરાશ થઈ ગયો હતો. કારણ ૬ મહિના પહેલા વેસુ રોડ પર જ યુવકની બાઈક ચોરાઈ ગઈ હતી. યુવક આંખમાં આંસુ લઈને આ મામલે જ્યારે તે ફરિયાદ કરવા અલથાણ પોલીસ સ્ટેશને પહોંચ્યો તો તેણે જોયું કે પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનોમાં તેની ૬ મહિના પહેલા ચોરી થયેલી બાઈક મળી આવી હતી. જેના પર નંબરપ્લેટ ન હતી. પરંતુ 'ડોમિનેટર' લખ્યુ હતું, જેનાથી તેની જ બાઈક છે તેવી ઓળખ થઈ હતી. આ બાઈક ૬ મહિના પૂર્વે ચોરી થઈ ગઈ હતી. ચોરાયેલી બાઈક પોલીસ સ્ટેશને જોતા તેની ખુશીનો પાર ન રહ્યો હતો. અલથાણ પોલીસમાં બાઈક ચોરીની ફરિયાદ કરવા આવેલાં અપૂર્વ શાહે જણાવ્યું કે, હું વેસુ કેનાલ રોડ પર કામથી આવ્યો હતો ત્યારે જ મારી સ્કૂટી ચોરાઈ ગઈ હતી. પોલીસ સ્ટેશને પહોંચતા મારી આંખોમાં આંસુ હતા. કારણકે ૬ મહિના પૂર્વે એટલાન્ટા પ્રિમાઈસ પાસેથી મારી બાઈક ચોરી થઈ ગઈ હતી.

#### આજે વડાપ્રધાન મોદીના નેતૃત્વનાં ૨૩ વર્ષ પૂર્ણ । મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧માં પહેલીવાર ગુજરાતના CM તરીકે શપથ લઈને શરૂ કરી હતી વિકાસની રાજનીતિ

# ગુજરાતમાં હવે દર વર્ષે ૭થી ૧૫ ઓક્ટોબરે ઉજવાશે વિકાસ સપ્તાહ

। ગાંધીનગર, તા.૬ ।

પીએમ નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને સોમવાર તા. ૭ ઓક્ટોબર ૨૦૨૪ના ૨૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. પીએમ નરેન્દ્રમોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીની ગ્લોબલ ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા દર વર્ષે તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે પીએમ નરેન્દ્ર મોદીએ ગુજરાતના આ વૈશ્વિક અને બહુમુખી વિકાસ માટે આપેલા યોગદાનનો ઋણસ્વીકાર કર્યો હતો. ગુજરાતની આ સર્વાંગી વિકાસ યાત્રાને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી દ્વારા મળી રહેલા સતત માર્ગદર્શન માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને ૨૦૦૧થી ૨૩ વર્ષ સુધી તેમની પ્રેરણાથી ગુજરાતે વિકાસ અને સુશાસનના જે નવા સીમચિહ્નો અંકિત કર્યા છે તેની ઉજવણી દર વર્ષે વિકાસ સપ્તાહથી કરવાનો નિર્ણય કર્યો હતો.

આ વિકાસ સપ્તાહ દરમિયાન વિવિધ થીમ સાથે યોજાનારા કાર્યક્રમોની વિસ્તૃત ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આપી હતી. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ વિકાસ સપ્તાહની ઉજવણીમાં સૌ ગુજરાતીઓને જોડીને રાજ્યના લાંબાગાળાના અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજયભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે. ગુજરાતમાં પીએમ નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં પીએમ નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે.

આરોગ્યમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ, સુરત ડાયમન્ડ બુર્સ, નડાબેટ, પાવાગઢ, શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ, સ્મૃતિવન, અંબાજી, દ્વારકા સુદર્શન બ્રિજ અને પાલ દઢવાવના આદિવાસી શહીદ સ્મારક સહિતના સ્થળોઓએ આવી વિકાસ પદયાત્રા યોજાશે. તેમણે વધુમાં કહ્યુ કે, આ વિકાસ સપ્તાહમાં વિદ્યાર્થીઓ અને યુવા શક્તિને પણ જોડવાના બહુઆયામી આયોજનો અંતર્ગત શાળા-કોલેજોમાં વિકાસ થીમ



આધારિત નિબંધ સ્પર્ધાઓ પણ યોજાશે. એટલું જ નહિ, વિકાસમાં લોકોની સહભાગિતા માટે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવશે.

રાજ્યના પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો પર વૉલ પેઈન્ટિંગથી ૨૩ વર્ષની વિવિધ ક્ષેત્રોની વિકાસયાત્રાની ઝાંખી પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત રાજ્યના મહત્વપૂર્ણ વિકાસ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ પણ કરવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે. ઋષિકેશ પટેલે કહ્યુ કે, વિકાસ કેવો હોય, કેટલા સ્કેલનો હોય, કેવી ગતિનો હોય અને જનભાગીદારીને વિકાસમાં જોડીને વિકાસની રાજનીતિથી કેવા ઉત્કૃષ્ટ પરિણામો મેળવી શકાય તેનું ઉત્તમ દ્રષ્ટાંત પીએમ નરેન્દ્ર મોદીએ ૨૩ વર્ષ દરમિયાન ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પૂરું પાડ્યું છે.

આ ૨૩ વર્ષની સુદીર્ઘ વિકાસ યાત્રાને આવનારા વર્ષોમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં હજુ વધુ તેજ ગતિએ આગળ ધપાવવાના સંકલ્પ સાથે રાજ્ય સરકારે દર વર્ષે આવા વિકાસ સપ્તાહ ઉજવવાની નેમ રાખી છે. તેમણે વિકાસ સપ્તાહ વિશે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની થીમ આધારિત દિવસોની ઉજવણી સહિતના આયોજનો પણ કરવામાં આવશે. તેમાં યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ તથા પોષણ અને આરોગ્ય દિવસની ઉજવણી કરાશે. પીએમ નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે પરંપરાગત ઢબે સરકાર ચલાવવાને બદલે જનહિતકારી સુશાસન સાથે પ્રજાજીવનની સમસ્યાઓના નિવારણ અને પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ઉદ્યોગ, કૃષિ અને સેવા એમ ત્રણેય સેક્ટરના સર્વાંગી વિકાસના અભિગમથી ગુજરાતને વિકાસનું રોલ મોડલ બનાવ્યું છે તેની ભૂમિકા પણ પ્રવક્તા મંત્રીશ્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે, ૧૯૬૦માં બૃહદ મુંબઈ રાજ્યથી અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલા ગુજરાતના છ દાયકાના વિકાસ સામે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૦૧ થી ૨૦૨૪ સુધીના ૨૩ વર્ષમાં 'ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત' એવી સુદ્રઢ વ્યાખ્યા વિશ્વમાં પ્રસરી છે. એક સમયે અપૂરતી વીજળી, પાણીની તીવ્ર અછત, પૂરતી આરોગ્ય સેવાઓનો અભાવ, કન્યા શિક્ષણનું ઓછું પ્રમાણ - આવા જે અનેક પડકારો હતા તેને તકમાં પલટવાના સામર્થ્યનું ગુજરાત અને ગુજરાતીઓમાં નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપમાં સિંચન થયું છે. વિસર્જનમાંથી નવસર્જનની અને કચ્છના અપ્રતિમ વિકાસની સફળગાથા શ્રી નરેન્દ્રભાઈએ સ્મૃતિવન અને મ્યુઝિયમ દ્વારા વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી છે. પીએમ નરેન્દ્ર મોદીએ પંચ શક્તિ - ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃત પર ગુજરાતના વિકાસની આધારશીલા મૂકીને પ્રગતિના પંથે આગળ ધપાવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ - એ ધ્યેય મંત્ર સાથે ગુજરાતના વૈશ્વિક વિકાસમાં અનેક નવા પરિમાણો અને ઈનિશિએટિવ્ઝ ઉમેર્યા છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપમાં ૨૦૦૧થી ૨૦૨૪નો ૨૩ વર્ષનો સમગ્ર સમયગાળો ગુજરાતના સુશાસન અને વિકાસનો સંક્રાંતિકાળ બન્યો છે.

હવે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા સંકલ્પમાં વિકસિત ગુજરાત બનાવવાનું લક્ષ્ય સિદ્ધ કરવું છે. આ લક્ષ્યાંક સિદ્ધિથી રાજ્યની વિકાસગાથાને વધુ ઉન્નત બનાવવા આગામી સમયમાં દર વર્ષે સુનિયોજિત રીતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

### ૪૫% કરતા વધુ કર્મી સાંજે અનુભવે છે બેચેની

# ભારતમાં ૬૬% કર્મચારીઓ વર્ક પ્રેશરના કારણે સ્ટ્રેસમાં

**રિપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે, ૬૬ ટકા કર્મચારી પોતાના હાલના કામની મેથડને કારણે વધુ બોજ અનુભવે છે**

કંપનીઓમાં વધુ વર્ક પ્રેશરથી કર્મચારીઓની માનસિક સ્થિતિ બગડી રહી છે. HR સર્વિસ અને વર્કફોર્સ સોલ્યૂશન્સ આપનારી કંપની જીનિયસ કન્સલ્ટન્ટ્સના રિપોર્ટ અનુસાર, સર્વેમાં ભાગ લેનારા ૭૯ ટકાથી વધુ કર્મચારીઓનું માનવું છે કે, તેમની કંપની માનસિક સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ અને કલ્યાણ માટે વધુ કામ કરી શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે, ૬૬ ટકા કર્મચારી પોતાના હાલના કામની મેથડને કારણે વધુ બોજ અનુભવે છે અને તેમનું માનવું છે કે, તેમનું કામ-જીવન સંતુલન ગંભીર રીતે ખોરવાઈ રહ્યું છે. સર્વેમાં કહેવાયું છે કે, ૪૫ ટકાથી વધુ કર્મચારી દર રવિવાર સાંજે ચિંતા અને બેચેનીનો અનુભવ કરે છે, જ્યારે તેઓ સોમવારે કામ પર પરત ફરવાની તૈયારી કરે છે. જ્યારે ૧૩ ટકા આ અંગે મિશ્ર પ્રતિભાવ રાખે છે. આ સિવાય ૭૮ ટકા લોકોએ જણાવ્યું છે કે, નોકરી પર સહકર્મીઓનું પ્રેશર અને મેનેજમેન્ટ કે સહકર્મીઓ સાથે વ્યવહાર સંબંધી અપેક્ષાઓ ખુબ મુશ્કેલ છે. જીનિયસ કન્સલ્ટેન્ટ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આર.પી. યાદવે કહ્યું કે, 'આપણે એ ઓળખવું જોઈએ કે કર્મચારી કલ્યાણ માત્ર એક પ્રવૃત્તિ નથી, પરંતુ સંગઠનાત્મક સફળતાનું એક મહત્વપૂર્ણ પાસુ છે. આંકડાઓથી જાણી શકાય છે કે મોટી સંખ્યામાં કર્મચારી ચિંતાથી જજૂમી રહ્યા છે અને પોતાના કાર્ય વાતાવરણમાં બેચેની અનુભવી રહ્યા છે. કંપનીઓને માનસિક સ્વાસ્થ્ય



અને કાર્ય-જીવન સંતુલનને પ્રાથમિકતા આપનારા માહોલને પ્રોત્સાહન આપવા માટે સક્રિય પગલા ભરવાની જરૂર છે. આ રિપોર્ટ ૫ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ વચ્ચે અલગ અલગ વિસ્તારોમાં કામ કરનારા ૧૭૮૩ કર્મચારીઓ વચ્ચે કરાયેલા સર્વેક્ષણ પર આધારિત છે.' દેશમાં કંપનીઓ કાર્યસ્થલો પર માનસિક સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓના સમાધાન માટે પગલાં ભરી રહી છે. જોકે, વધુ પડતા કર્મચારીઓનું માનવું છે કે, કંપનીઓ તેમના સમગ્ર કલ્યાણમાં સુધાર માટે હજુ વધારે કામ કરી શકે છે. જોકે, પ્રોફેશનલ્સનું કહેવું છે કે, હજુ પણ માત્ર ખાદ્ય પુરવઠો અપાઈ રહ્યો છે. જમીની હકીકત બિલકુલ બદલાય નથી. વધુ પડતી કંપનીઓનો ભારત પોતાનો નફો વધારવા પર છે. આ ચક્કરમાં કર્મચારીનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે.

# અમેરિકામાં આવેલા હેલેન વાવાઝોડાએ વિનાશ વેર્યો





### તીવ્ર ગતિએ ફૂંકાતા પવનમાં અનેક મકાનો તૂટી પડ્યા પૂરમાં ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરાઈ

અમેરિકામાં શુક્રવારે (૨૭ સપ્ટેમ્બર) આવેલા વાવાઝોડાં હેલેને ફ્લોરિડા અને દક્ષિણ પૂર્વ અમેરિકામાં ભારે વિનાશ વેર્યો છે. વાવાઝોડાંના કારણે અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક વધીને ૬૦ પર પહોંચી ગયો છે. સૌથી વધુ દક્ષિણ કેરોલિનામાં ૨૪ લોકોના મોત થયા છે. તીવ્ર ગતિએ ફૂંકાતા પવનમાં અનેક મકાનો તૂટી પડ્યા છે. બીજી બાજુ બચાવ કર્મચારીઓએ પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી.

દક્ષિણ અમેરિકામાં ભારે પવન અને ધોધમાર વરસાદ પડ્યા બાદ ભારે વિનાશ થયો છે અને હવે તંત્ર દ્વારા સફાઈ અભિયાન શરૂ કરી દેવાયું છે. વાવાઝોડા હેલેસના કારણે ઉદભવેલી તોફાની લહેરોના કારણે અનેક જગ્યાએ વીજળી પણ જતી રહી છે. વાવાઝોડું એટલું તિવ્ર હતું કે, તેમાં અનેક સડકો અને બ્રિજો તૂટી ગયા છે. દક્ષિણ કેરોલિના, ફ્લોરિડા, જ્યોર્જિયા સહિત અનેક વિસ્તારમાં મોટાપાયે નુકસાન થયું છે. ઉત્તરના સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ વાવાઝોડામાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થયા છે, જેમાં જ્યોર્જિયામાં બાળકો સહિત ૧૭ લોકોના મોત થયા છે. મૂડીસના વિશ્લેષકો મુજબ વાવાઝોડાંના કારણે ૧૫ અબજ યુએસ ડોલરથી ૨૬ અબજ યુએસ ડોલર સુધીનું નુકસાન થયું હોવાની આશંકા છે. કેટેગરી-૪નું ચક્રવાતી વાવાઝોડું હેલેન શુક્રવારે (૨૭ સપ્ટેમ્બરે) પસાર થતાં ફ્લોરિડા, જ્યોર્જિયા, ઉત્તર કેરોલિના, દક્ષિણ કેરોલિના તથા વર્જિનિયામાં ઉત્તર-પૂર્વ ટેનેસી સુધી અનેક મકાનો તૂટી ગયા હતા. અહીં અત્યંત જોખમી બચાવ અભિયાન હાથ ધરતા યુનિકોઈ કાઉન્ટી હોસ્પિટલની છત પરથી હેલિકોપ્ટર દ્વારા ૫૪ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ન્યૂપોર્ટ, ટેનેસી જેવા શહેરોમાંથી પણ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ચક્રવાતી વાવાઝોડું નેશ કાઉન્ટી, ઉત્તર કેરોલિના સહિત કેટલાક વિસ્તારોમાં ત્રાટક્યું હતું.

ચક્રવાતી વાવાઝોડાંના કારણે એટલાન્ટામાં ૪૮ કલાકમાં ૨૮.૨૪ સેમી (૧૧.૧૧ ઈંચ) વરસાદ ખાબક્યો હતો, જે વર્ષ ૧૮૭૮ પછી એટલાન્ટામાં સૌથી વધુ વરસાદ પડયો છે. જ્યોર્જિયાની ઓફિસે જણાવ્યું હતું કે, રાજ્યમાં અગાઉ ૧૮૮૬માં ૨૪.૩૬ સેમી (૯.૫૬ ઈંચ) વરસાદ પડયો હતો. ક્લાઈમેટ ચેન્જના કારણે અમેરિકામાં પરિસ્થિતિ વધુ કથળી રહી છે. ગરમ પાણી ઝડપથી શક્તિશાળી વાવાઝોડાંમાં પરિવર્તિત થાય છે. પ્રમુખ જો બાઈડને કહ્યું, તેમણે ૧૫૦૦ બચાવ કર્મચારીઓને તૈનાત કર્યા છે. ફ્લોરિડા, જ્યોર્જિયા અને કેરોલિનામાં તોફાનના કારણે અંદાજે ૩૫ લાખ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

### એક અનોખા ઘટનાક્રમમાં પૃથ્વીવાસીઓને બીજો ચંદ્ર મળ્યો

# પૃથ્વી પરથી બે ચંદ્ર દેખાયા!

## મિની મૂન બે મહિના સુધી ફરશે




એક અનોખા ઘટનાક્રમમાં પૃથ્વીવાસીઓને રવિવારે બીજો ચંદ્ર મળ્યો છે. વાસ્તવમાં તે એક એસ્ટરોઇડ છે, જેને વૈજ્ઞાનિકોએ મિની મૂન અથવા **2024 PT5** નામ આપ્યું છે. આ મીની મૂન અસ્થાયી રૂપે ૨૫ નવેમ્બર સુધી પૃથ્વીની પરિક્રમા કરશે. મિની મૂનના આગમનથી અવકાશ પ્રેમીઓમાં રસ વધ્યો છે. જો કે, તેના નાના કદ અને ઓછા તેજને કારણે આપણને તે નરી આંખે દેખાશે નહીં. તેને સામાન્ય દૂરબીનથી પણ જોઈ નહીં શકાય, પરંતુ તેની ઝલક મેળવવા માટે ખગોળીય દૂરબીનની જરૂર પડશે. **2024 PT5** નામની આ એસ્ટેરોઇડ નાસા દ્વારા આ વર્ષે ૭ ઓગસ્ટે જોવા મળી હતી. તેની ઉત્પત્તિ અર્જુન એસ્ટેરોઇડ પટ્ટામાંથી થઈ છે. તેમાં પૃથ્વી જેવા ખડકો છે. તે લગભગ ૩૩ ફૂટ પહોળું છે. તે પૃથ્વીની આસપાસ સંપૂર્ણ પરિક્રમા નહીં કરે. આગળ વધતા પહેલા પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે તેની ભ્રમણકક્ષામાં થોડો ફેરફાર થશે. તેની ઝડપ આશરે ૨,૨૦૦ માઈલ પ્રતિ કલાક છે. આ ચંદ્ર ખૂબ જ ઓછા સમય માટે આપણી પૃથ્વીની પાસે રહેશે. યુનિવર્સિડેડ કોમ્પ્લુટેન્સ ડી મેડ્રિડના સંશોધક કાર્લોસ ડે લા ફુએન્તે માર્કોસ અને રાઉલ ડે લા ફુએન્તે માર્કોસના એક સંશોધન અહેવાલ મુજબ ૨૦૨૪ પીટી-૫ નામની એક નાની એસ્ટેરોઇડ ૨૯ સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી પૃથ્વીની પરિક્રમા કરશે. આ પહેલા તાજેતરમાં લગભગ ૧૦ મીટર પહોળા આ એસ્ટેરોઇડની શોધ કરાઈ હતી. પૃથ્વીએ પહેલા પણ નાના-નાના ચંદ્રમાઓને પોતાની તરફ ખેંચ્યા છે. ૨૦૦૬માં એક એસ્ટેરોઇડ લગભગ એક વર્ષ સુધી પરિક્રમા કરતી રહી હતી. આ સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૪ પીટી-૫ કુલ ૫૬ દિવસ માટે ધરતીના ગુરુત્વાકર્ષણને લીધે તેની તરફ ખેંચાઈ જશે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે, ૨૦૨૪ પીટી-૫ અંતરિક્ષમાં પરત જવા પહેલા એક વાર પૃથ્વીનું ચક્કર લગાવશે.

આ ઘટનાને 'અસ્થાયી ફ્લાઈબાઈ'ના તરીકે ઓળખવામાં આવે છે. એમાં એસ્ટેરોઇડ ધરતીની ગ્રેવિટીમાં પ્રવેશ કરે છે, પરંતુ કોઈ ચક્કર લગાવી શકતો નથી. બીજા મિની-મૂનની વાત કરીએ તો એ લાંબ સમય સુધી ગ્રહોના ઓર્બિટ એટલે કક્ષામાં ટકી રહે છે. બીજી એસ્ટેરોઇડની જેમ ૨૦૨૪ પીટી-૫ એક ઘોડાની નાળની આકારની ઓર્બિટમાં ફરતી રહે છે. જ્યાં એ ઓછી વેલોસિટીથી પૃથ્વીની પાસે પહોંચે છે. જેના કારણે પૃથ્વીના ગુરુત્વાકર્ષણ માટે તેને પોતાની તરફ અસ્થાયી રીતે ખેંચવા સંભવ બની જાય છે. આ એસ્ટેરોઇડ સંભવતઃ અર્જુન સમુહમાંથી છે, જે પૃથ્વીની સમાન કક્ષા શેયર કરે છે. તેને અંતરિક્ષ કાટમાળ નહીં, પરંતુ આ પ્રાકૃતિક વસ્તુ માનવામાં આવે છે. ૨૦૨૪ પીટી-૫ ફરી વર્ષ ૨૦૫૫માં જોવા મળશે.

# ઓછી ઊંઘથી ફેટી લિવરનો રોગ વધવાની આશંકા : અભ્યાસનું તારણ

**ઓછી ઊંઘને કારણે સ્મરણશક્તિ અને એકાગ્રતાની સમસ્યા ઊભી થાય છે, ઉપરાંત, તે માથાના દુખાવા, ચિંતા અને સ્ટ્રેસનું જોખમ વધારે છે**



રાતે સારી ઊંઘ એકંદર સ્વાસ્થ્ય માટે બહુ સારી ગણાય છે. તાજેતરના અભ્યાસ મુજબ સારી ઊંઘને કારણે નોન-આલ્કોહોલિક ફેટી લિવરનો રોગ ધરાવતા લોકોમાં સિરોસિસ થતો અટકાવી શકાય. લિવરને લાંબા સમય માટે નુકસાન થાય ત્યારે સિરોસિસ થાય છે, પણ સારી ઊંઘ ફેટી લિવરના રોગને વકરતો અટકાવી શકે છે. ચીનની હુઆઝોંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના રિસર્ચર્સે નોન-આલ્કોહોલિક ફેટી લિવરના દર્દીઓમાં સારી ઊંઘ અને સિરોસિસના જોખમમાં ઘટાડો વચ્ચેનો સહસંબંધ શોધી કાઢ્યો છે. ૧,૧૨,૧૯૬ દર્દીના અભ્યાસમાં જણાયું હતું કે, ઊંઘની ખરાબ પેટર્નને કારણે સિરોસિસના જોખમમાં વધારો થઈ શકે. જર્નલ 'હિપેટોલોજી ઈન્ટરનેશનલ'માં જણાવ્યા અનુસાર દર્દીઓમાં સારી ઊંઘના ફાયદા જોવા મળ્યા હતા. ડો. એબી ફિલિપ્સે જણાવ્યું હતું કે, "અભ્યાસને કારણે ઊંઘના લાભ અંગે વધુ પુરાવા મળ્યા છે." ફિલિપ્સે સલાહ આપી હતી કે, "તમે આનુવંશિક બાબતોમાં ફેરફાર ન કરી. ઉપરાંત, દરેક વ્યક્તિ તેની જિનેટિક પ્રોફાઈલ ચકાસી શકતો નથી, પણ તે દરરોજ રાતે સારી ઊંઘ તો લઈ જ શકે છે. માનવ શરીર માટે રોજ રાત્રે ૭-૮ કલાકની ઊંઘ જરૂરી છે. લિવરના આરોગ્ય માટે તેના ઘણા લાભ છે. જેની ઘણાને ખબર નથી." ઓછી ઊંઘને કારણે સ્મરણશક્તિ અને એકાગ્રતાની સમસ્યા ઊભી થાય છે. ઉપરાંત, તે માથાના દુખાવા, ચિંતા અને સ્ટ્રેસનું જોખમ વધારે છે. 'જર્નલ સ્લીપ'માં પ્રકાશિત અન્ય અભ્યાસમાં જણાવ્યા અનુસાર મોડા ઊંઘવાની ટેવને કારણે ટાઈપ-૨ ડાયાબિટિસ વહેલો થઈ શકે. અભ્યાસની વિગત અનુસાર રાતે ૧૨ વાગ્યા પછી સૂઈ જનારા લોકોમાં ૪૦ વર્ષ પહેલાં ડાયાબિટિસનું જોખમ ૧.૪૬ ગણું વધ્યું હતું. તારણ અનુસાર "રોજ ઊંઘમાં એક કલાકના વિલંબને કારણે વહેલા ડાયાબિટિસનું જોખમ ૫૨ ટકા વધે છે."

# કુંભ મેળાને લઈને ભારતીય રેલવેની ખાસ તૈયારીઓ



રેલવે મંત્રાલય કુંભ મેળાને લઈને તૈયારીઓમાં લાગી ગયુ છે. જાન્યુઆરીમાં પ્રયાગરાજમાં યોજાનાર વિશાળ ધાર્મિક મેળાવડા માટે ૯૯૨ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતે આ માહિતી આપી છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર સાત પોસ્ટ કરી અને જણાવ્યું કે કુંભ મેળા માટે રેલવે મંત્રાલયે શું તૈયારીઓ કરી છે. તેણે લખ્યું "કુંભ મેળો – વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો! ભારતીય રેલવે કુંભ મેળા ૨૦૨૫ માટે ભક્તો માટે રેકોર્ડ ટ્રેનો, અપગ્રેડ કરેલા ટ્રેક અને વધુ સારી સુવિધાઓ પ્રદાન કરવા માટે તૈયાર છે!

આ પછી સાત પોસ્ટમાં રેલવે મંત્રીએ સૌથી પહેલા મહત્વની તારીખો જણાવી. આ પછી તેમણે જણાવ્યું કે પ્રયાગરાજ વિસ્તારમાંથી દરરોજ ૧૪૦ ટ્રેનો દોડાવવામાં આવશે. વિશેષ ટ્રેનો માટે ૧૭૪ રેકનું આયોજન કરવામાં આવ્યું છે. મેમુ અથવા ડેમુ ટ્રેનમાં ૧૬ કોચ હોય છે અને લાંબા અંતરની ટ્રેનોમાં ૨૦ કોચ હોય છે. વિશેષ ટ્રેનોની સંખ્યા ૨૦૧૯ માં ૬૯૫ થી વધારીને ૨૦૨૫ માં ૯૯૨ કરવામાં આવી છે. ૨૦૧૯માં સામાન્ય ટ્રેનોની સંખ્યા ૫૦૦૦ હતી જે ૨૦૨૫માં ૬૫૮૦ થઈ જશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, રેલવેએ અનેક રૂટ પર બીજી લાઈન નાખવાનું કામ પણ પૂર્ણ કર્યું છે અને મુસાફરોની સુવિધા માટે કરોડો રૂપિયા ખર્ચીને કામ કરવામાં આવ્યું છે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિશેષ ટ્રેનો ચલાવવા ઉપરાંત, મંત્રાલયે મુસાફરો માટે વિવિધ માળખાકીય સુવિધાઓ અને સુવિધાઓના નિર્માણ અને અપગ્રેડેશન માટે રૂ. ૯૩૩ કરોડ ફાળવ્યા છે. આ ઉપરાંત પ્રયાગરાજ ડિવિઝન અને આસપાસના વિસ્તારોમાં ટ્રેનોની સરળ અવરજવર માટે રૂ. ૩,૭૦૦ કરોડના ખર્ચે રેલવે ટ્રેકને ડબલ કરવાનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રેલવે રાજ્યના બે મંત્રીઓ રવનીત સિંહ બિટ્ટુ અને વી સોમન્નાએ ૧૨ જાન્યુઆરીથી શરૂ થનારી ઈવેન્ટ દરમિયાન ભક્તોની વિશાળ ભીડને સંભાળવા માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવા શનિવારે બેઠક યોજી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, "તેઓ ઉત્તર રેલવે, ઉત્તર મધ્ય રેલવે અને ઉત્તર પૂર્વ રેલવે જેવા સંબંધિત ઝોનના જનરલ મેનેજર સહિત વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ સાથે નિયમિત વિડિયો કોન્ફરન્સ પણ કરે છે." અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રયાગરાજ, વારાણસી, દીન દયાલ ઉપાધ્યાય અને લખનૌ જેવા સંબંધિત રેલ્વે વિભાગોના વિભાગીય પ્રબંધકો પણ વિવિધ વિકાસ કાર્યો પર નિયમિત અપડેટ્સ પ્રદાન કરવા માટે આ બેઠકોમાં ભાગ લે છે. આ કાર્યક્રમમાં ૩૦ થી ૫૦ કરોડ ભક્તોની હાજરીની અપેક્ષા છે, તેથી રેલ્વે મંત્રાલયે પ્રયાગરાજ માટે વિવિધ શહેરોમાંથી ૬,૫૮૦ નિયમિત ટ્રેનો ઉપરાંત ૯૯૨ વિશેષ ટ્રેનો ચલાવવાની યોજના બનાવી છે.

# દેશમાં ચોમાસાની વિદાય થતા જ લા-નીનાની અસર થશે



દેશમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે ત્યારે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લા નીનાની અસર ચોમાસાના છેલ્લા અઠવાડિયામાં અથવા ચોમાસા બાદ જોવા મળશે. જો શિયાળાની શરૂઆત પહેલાં લા-નીનાની સ્થિતિ સર્જાય તો ડિસેમ્બરના મધ્યથી જાન્યુઆરી સુધી તીવ્ર ઠંડી પડશે. હવામાન વિભાગનો અંદાજ છે કે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન લા નીનાની અસર થવાની સંભાવના ૬૬ ટકા છે. નવેમ્બરથી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન શિયાળામાં ઉત્તર ગોળાર્ધમાં તેની શક્યતા ૭૫ ટકાથી વધુ છે.

હાલમાં, પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં સપાટીનું તાપમાન સરેરાશ કરતા વધારે છે, જ્યારે પૂર્વીય પેસિફિક મહાસાગરમાં તાપમાન સરેરાશની નજીક અથવા નીચે રહે છે. IMD અનુસાર, બંને છેડે તાપમાન વચ્ચેનો તફાવત શૂન્યની નજીક હોવાથી,લા નીનાની અસરમાં વિલંબ થયો છે.

લા નીના અને અલ નીનો બંને સમુદ્રી અને વાતાવરણીય ઘટના છે જે સામાન્ય રીતે એપ્રિલથી જૂન વચ્ચે શરૂ થાય છે અને ઓક્ટોબરથી ફેબ્રુઆરી વચ્ચે વધુ મજબૂત બને છે. જો કે આ સ્થિતિ સામાન્ય રીતે ૯થી ૧૨ મહિનાની વચ્ચે રહે છે, તો કેટલીકવાર તે બે વર્ષ સુધી પણ રહે છે. લા નીનામાં એક પરિસ્થતિનું નિર્માણ થાય છે જેમાં મહાસાગરની સપાટી પર હવાનું દબાણ ઓછું થાય છે. જેના કારણે દરિયાની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે અને તેની અસરના ભાગરૂપે વિશ્વભરનું તાપમાન ઘટે છે અને વધુ ઠંડી પડે છે.

# બાળકોનું કુટેવોથી બચાવવા માના હાથનું ભોજન આપો

જો માતા પિતાએ તેમના બાળકોને કુટેવોથી બચાવવા હોય તો તેમને ઝોમેટો અને સ્વિગીમાંથી ઓર્ડર કરેલા ભોજનના બદલે માંના હાથનું બનાવેલું ભોજન આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમને કહ્યું કે ફ્રિ ટાઈમમાં બાળકોને મેદાનમાં રમવા મોકલવા જોઈએ. જેના કારણે બાળકોને મોબાઈલની ટેવ નહિ પડે. હાઈકોર્ટની બેન્ચે કહ્યું હતું કે, સ્વિગી અને ઝોમેટો દ્વારા રેસ્ટોરાંમાંથી ખોરાક ખરીદવાને બદલે, બાળકોને તેમની માતા દ્વારા તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણવા દો અને બાળકોને રમતના મેદાનમાં રમવા દો, જયારે તેઓ રમીને પાછા આવે ત્યારે તેમને માંના હાથથી બનેલા ભોજનનો ખુશ્બુ લેવા દો. પોર્નોગ્રાફી સંબંધિત એક કેસની સુનવણી દરમ્યાન કેરલ હાઈકોર્ટના જસ્ટીસ પીવી કુન્હિક્રિષ્નને માતાપિતાને સલાહ આપી કે તેમને ઝોમેટો અને સ્વિગીમાંથી ઓર્ડર કરતા બચે. એક વ્યક્તિને રસ્તા પર ઉભા રહીને પોતાના મોબાઈલમાં પોર્ન જોવાના આરોપમાં પોલીસે પકડ્યો હતો, પરંતુ કોર્ટે આ મામલાની સુનવણી કરતી વખતે તેના વિરુદ્ધના આરોપને ખારીજ કર્યા હતા. હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે, પોર્નોગ્રાફી ખાનગીમાં જોવી, તેને શેર કર્યા વિના અથવા અન્યને દર્શાવ્યા વિના, એ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૨ હેઠળ ગુનો ગણવામાં આવશે નહીં.

## તંત્રી લેખ...

# વિદેશ અભ્યાસ માટે યુરોપિયન દેશ પણ વિકલ્પ બની શકે છે.!

વિદેશમાં અભ્યાસ કરવા જવાની ઈચ્છા ધરાવતા ભારતીય વિદ્યાર્થીઓ હવે માત્ર યુકે, યુએસ, ઓસ્ટ્રેલિયા કે કેનેડા જ નહીં, પણ બીજા દેશો તરફ પણ વળ્યા છે. ત્યારે હાલમાં વિવિધ કારણોસર ઘણા વિદ્યાર્થીઓ યુરોપિયન દેશો તરફ વળ્યા છે. એમાં પણ ખાસ કરીને જર્મની ભારતીય વિદ્યાર્થીઓ માટે અભ્યાસ માટેનું મુખ્ય સ્થાન બની રહ્યું છે. જર્મનીમાં તેની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ૪૦૦,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ છે, ખાસ કરીને કુલ ૪૪૦,૫૬૪ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ૨૦૨૧/૨૦૨૨ સુધીમાં જર્મન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં નોંધાયેલા છે. દેશમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં લગભગ ૩૦.૯% નો વધારો થયો છે. ૫ વર્ષ, ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી, અને ૨૦૧૪ થી ૨૦૨૨ સુધી ૩૭% નો વધારો. ભારતીય વિદ્યાર્થીઓ સતત બીજા વર્ષે જર્મનીમાં વિદેશી વિદ્યાર્થીઓના સૌથી મોટા જૂથ તરીકે ઉભરી આવ્યા છે. જર્મન એકેડમિક એક્સચેન્જ સર્વિસ અનુસાર, ગયા વર્ષની સરખામણીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૫.૧ ટકાનો વધારો થયો છે. ૨૦૨૩-૨૦૨૪ના શિયાળાના સત્રમાં, જર્મનીએ ૪૯,૪૮૩ ભારતીય વિદ્યાર્થીઓને હોસ્ટ કર્યા. ડ્ઢછછડ્ઢ ની સત્તાવાર સૂચનામાં કહેવામાં આવ્યું છે: જર્મનીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં આ સંખ્યા બમણાથી વધુ થઈ ગઈ છે. ભારતીય વિદ્યાર્થીઓ હવે સતત બીજા વર્ષે જર્મનીમાં સૌથી મોટો આંતરરાષ્ટ્રીય સમુદાય બની ગયા છે. એકેડમિક ડિસિપ્લિનમાં એનરોલ્મેન્ટની વાત કરીએ તો, એન્જિનિયરિંગને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, જે કુલ રજિસ્ટ્રેશનનો ૬૦ ટકા છે. લૉ, મેનેજમેન્ટ અને સોશિયલ સ્ટડીઝ ૨૧ ટકા વિદ્યાર્થીઓને આકર્ષિત કરે છે, જ્યારે મેથ્સ અને નેચરલ સાયન્સ ૧૩ ટકા યોગદાન આપે છે. બાકીના ૫ ટકા વિદ્યાર્થીઓ અન્ય ક્ષેત્રોમાં અભ્યાસ કરે છે. હાયર એજ્યુકેશનની સંસ્થાઓના વિવિધ પ્રકારના એનરોલ્મેન્ટ પણ યુનિવર્સિટીઓ અને એપ્લાઈડ સાયન્સની યુનિવર્સિટીઓ વચ્ચે વિભાજિત છે. ટ્રેડીશનલ યુનિવર્સિટીઓ ૫૬ ટકા વિદ્યાર્થીઓને આકર્ષે છે, જ્યારે ૪૪ ટકા એપ્લાઈડ સાયન્સ યુનિવર્સિટી પસંદ કરે છે, જે વ્યપ્રેક્ટિકલ ટ્રેનિંગ પર ભાર મૂકે છે.જર્મન એકેડેમિક એક્સચેન્જ સર્વિસ એ તેના બેન્ચમાર્ક ઈન-ઈન્ટરનેશનલ યુનિવર્સિટી અભ્યાસમાં લગભગ ૧૨૦,૦૦૦ જર્મન અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો સર્વે કર્યો હતો. વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવાના કારણ જર્મની સસ્તું ટયુશન, રહેવાની વાજબી કિંમત અને ઘણી સ્કોલરશીપ આપે છે. તેની ટોપ રેક્વાળી યુનિવર્સિટીઓ, પ્રખ્યાત જીઈસ્ પ્રોગ્રામ્સ અને વિવિધ અંગ્રેજી-શિક્ષિત કોર્સ ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ પ્રદાન કરે છે.

**પુરાણોમાં આપણે જોઈએ તો દેવ હોય કે દાનવ સૌને અમર થવું છે અને એટલે એમને અમૃત જોઈએ છે, અમૃતનું કામ અમર કરવાનું છે**

# ચાલો અમર થવા નહીં પણ અભય પદ પ્રાપ્ત કરવા મા સંકદ માતાને આરાધિયે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આસો નવરાત્રીનાં પાંચમા દિવસે નવદુર્ગાનાં સ્કંદમાતા સ્વરૂપની આરાધનાનો મહિમા છે, નામમાં જ માતા શબ્દનો પ્રયોગ છે, એટલે કે જનની ભાવ સહજ છે, મા નવદુર્ગાનાં આ સ્વરૂપમાં માતા પાર્વતી પોતાના પુત્ર કાર્તિકેયને લઈને ઉભા હોય એવી મુદ્રા છે સંસારની સંતાન ઇચ્છતી તમામ માતાઓને સ્કંધ માતાની આરાધના કરવાથી સંતાન સુખ પ્રાપ્ત કરે છે.**

અંબા કહે આવો ને રમવા.., હું કેમ આવું એકલડી મારે ઘેર નાના નાના બાળ.. બાળને પોઢાડો સોના ઢોલીયે... ઘોર અંધારી રાતલડીમાં નિસર્યા ચાર અસવાર.. કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.. ડુંગરમાંથી પ્રગટ્યા છો મા હરસિદ્ધા જયકારી હો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... ગગન ગોખમાં ગરબે ઘૂમે તારલિયા રળિયાત.. આમ નિતનવા ભાવ પ્રગટાવતા ગરબા ગાઈને ભક્તિની ધરોહર સૌ માનાં ચરણોમાં અર્પણ કરે છે. આસો નવરાત્રીનાં પાંચમા દિવસે નવદુર્ગાનાં સ્કંદમાતા સ્વરૂપની આરાધનાનો મહિમા છે. નામમાં જ માતા શબ્દનો પ્રયોગ છે, એટલે કે જનની ભાવ સહજ છે. મા નવદુર્ગાનાં આ સ્વરૂપમાં માતા પાર્વતી પોતાના પુત્ર કાર્તિકેયને લઈને ઉભા હોય એવી મુદ્રા છે સંસારની સંતાન ઈચ્છતી તમામ માતાઓને સ્કંધ માતાની આરાધના કરવાથી સંતાન સુખ પ્રાપ્ત કરે છે, એવી પણ એક માન્યતા જોડાયેલી છે. તાડકાસૂરના સંહાર માટે ભગવાન શિવ અને પાર્વતીના પુત્ર કાર્તિકેયનો જન્મ થવો જરૂરી હતો, અને એટલે માતા આ સ્વરૂપે પ્રગટ થયા. પુરાણોમાં જે દેવીના સચિત્ર વર્ણન છે એમાં અમુક ચિત્ર કે શબ્દ ચિત્રથી આપણને મા આદ્યશક્તિ જગતજનનીથી થોડો ભય પણ લાગે, કારણકે શુંભ નિશુંભ હોય કે રક્તબીજનાં હોય કે પછી અન્યના વધ સમયે દેવીનું વિકરાળ સ્વરૂપ એ ખરેખર સામાન્ય માનવીને ડરાવી દે તેવું હોય છે. એ સમયે જે કોઈ પ્રકારની સમાજની રચના હોય અને દેવ, દાનવ, માનવ, યક્ષ, કિન્નર, ગંધર્વ વગેરે પ્રજાતિઓ પણ સમાજમાં ઉપલબ્ધ હોય, ત્યારે દેવી-દેવતાઓના આ પ્રકારના સ્વરૂપ કદાચ સહજ હશે. પરંતુ શું આપણે એવી છબીને વધુ વખત નિરખી શકીશું? કે જે બે હાથેથી રક્તપીતી હોય? ગળામાં ખોપરીની માળા હોય?: કોઈનું તલવારથી માથું ઉડાવીને બે ભાગમાંના એક ભાગને ઉતરમાં અને બીજાને દક્ષિણ સુધી ફેંકી દે. અત્યંત વિકરાળ સ્વરૂપનું ધ્યાન આપણે લાંબો સમય કરી શકીએ નહીં, સહજ અને સૌમ્ય સ્વરૂપ જ દિલને શાતા આપે, અને એને જ આપણે પરમશક્તિ સ્વરૂપે સ્વીકારી શકીએ. ટૂંકમાં વિકરાળ અને ચતુર્ભુજ કે પછી ત્રણ નેત્ર વાળી કે હજાર હાથ વાળી કે અન્ય કોઈ સિદ્ધિ હંસલ કરેલી હોય એવા શક્તિ સ્વરૂપને શોધવું અશક્ય લાગે છે. પરંતુ વાસ્તવિક દુનિયામાં નજર કરીએ તો એવી શક્તિઓ આપણી આસપાસ જ દેખાય છે, જે એકલી ચાર હાથે કામ કરતી હોય છે, મોટેભાગે સમર્પણને સહનશક્તિ ધરાવતી દરેક સ્ત્રીઓમાં સમજણનું ત્રીજું નેત્ર પણ ખુલી ગયું હોય છે. આ ઉપરાંત સામાજિક કાર્ય કરનારી સ્ત્રીઓ સમાજની કરુણતા જોઈ હજાર હાથે કામ કરતી હોય છે. પરંતુ આપણે છીએ કે આપણે આવા સ્વરૂપને પરમશક્તિ તરીકે સ્વીકારી શકતા નથી, અને એનું કારણ એ છે એ શક્તિ સ્વરૂપ સાવ નજીક છે, એનું અસ્તિત્વ હાથ વગુ છે. આપણા પુરાણો પ્રમાણેનું એનું સ્વરૂપ નથી, અને પુરાણોમાં બતાવ્યા પ્રમાણે એ એટલી વિકરાળ પણ થતી નથી.

**શક્રાદય સ્તુતિ**
**એભિર્હતૈર્જગદુપૈતિ સુખં તથૈતે**
**કુર્વન્તુનામ નરકાય ચિરાય પાપમ્**
**સઙ્ગ્રામમૃત્યુમધિગમ્ય દિવં પ્રયાન્તુ**
**મત્વેતિ નૂનમહિતાન્વિનિહંસિ દેવિ**

હે દેવી! રાક્ષસોને મારવાથી સંસારને સુખ-શાંતિ મળે તથા રાક્ષસો દીર્ઘકાળ સુધી નરકમાં રહેવા માટે ભલેને પાપ કરતા રહ્યા હોય પણ આ સમયે યુદ્ધમાં મૃત્યુ પામીને સ્વર્ગ લોકમાં જાય અવશ્ય આવું જ વિચારીને તમે શત્રુઓનો વધ કરો છો. (૧૭)

**દૃષ્ટ્વૈવ કિં ન ભવતી પ્રકરોતિ ભસ્મ**
**સર્વાસુરાનરિષુયત્પ્રહિણોષિ શસ્ત્રમ**
**લોકાન્પ્રયાન્તુરિપવોડપિ હિ શસ્ત્રપૂતા**
**ઇત્થં મતિર્ભવતિ તેષ્વપિ તેડતિસાધ્વી**

તમે શત્રુઓ પર શસ્ત્રોનો પ્રહાર શા માટે કરો છો? સમસ્ત અસુરોને દૃષ્ટિપાત માત્રથી જ શા માટે ભસ્મીભૂત કરી દેતા નથી? એમાં એક રહસ્ય છે "આ શત્રુઓ પણ મારા શસ્ત્રોથી પવિત્ર થઈને ઉત્તમ લોકોમાં ભલે જાય" આવો તેમના પ્રત્યેનો તમારો વિચાર અત્યંત ઉત્તમ છે.(૧૮)

**ખડ્ગપ્રભાનિકરવિસ્ફુરણૈસ્તથોગ્રૈઃ**
**શૂલાગ્રકાન્તિનિવહેન દશોડસુરાણામ્**
**યન્નાગતા વિલયમંશુમદિન્દુખણ્ડ**
**યોગ્યાનનં તવ વિલોકયતાં તદેત**

તમારા ખડ્ગની તેજો રાશિની ભયંકર પ્રભાથી તથા તમારા ત્રિશૂળ અગ્રભાગના સઘન તેજથી અંજાઈ જઈને અસુરોની આંખો ફૂટી ગઈ નહીં એમાં કારણ એ જ હતું કે ત્યારે તેઓ મનોહર કિરણોવાળા ચંદ્રમાની જેમ આનંદ આપનારા તમારા સુંદર મુખનું દર્શન કરી રહ્યા હતા. (૧૯)

**દુર્વૃત્તવૃત્તશમન્તવ દેવિ શીલં**
**રૂપં તથૈતદવિચિન્ત્યમતુલ્યમન્યૈઃ**
**વીર્યંચ હન્ત્રિ હૃતદેવપરાક્રમાણાં**
**વૈરિષ્વપિ પ્રકટિતૈવ દયા ત્વયેત્થ**

હે દેવી! તમારું શીલ દુરાચારીઓના હિન આચરણોનું શમન કરનારું છે સાથે જ તમારું આ રૂપ એવું જે અચિંત્ય છે જેની ક્યારેય બીજાઓની સાથે તુલના પણ થઈ શકતી નથી તથા તમારું બળ અને પરાક્રમ તો તે દૈત્યોનો પણ નાશ કરનારું છે કે જેઓ ક્યારેક તો દેવતાઓના પરાક્રમનો પણ નાશ કરી ચૂક્યા હતા આ પ્રમાણે તમે પોતાના શત્રુ ઉપર પણ દયા જ પ્રગટ કરી છે.(૨૦) પુરાણોમાં આપણે જોઈએ તો દેવ હોય કે દાનવ સૌને અમર થવું છે અને એટલે એમને અમૃત જોઈએ છે. અમૃતનું કામ અમર કરવાનું છે, પરંતુ અમર થવું એની કરતા અભય થવું વધારે મહત્વનું છે, અને મા ભવાનીની આરાધના કરવાથી અભય પદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રીય આધારે મા ભવાનીના મુખ્ય ત્રણ સ્વરૂપ છે, શક્તિના મૂળ ત્રણ સ્વરૂપ એટલે કે મહાકાલી, મહાલક્ષ્મી, અને સરસ્વતી. મા દુર્ગાના આ ત્રણ મુખ્ય સ્વરૂપ ો છે એ મુખ્ય ત્રણ સ્વરૂપો આપણી આરાધનાના કેન્દ્રો છે. ઉપર જોયું તેમ ઈન્દ્ર આદિ દેવતાઓ તેમજ ઋષિમુનિઓ જે સ્તુતિ કરે છે એનો ભાવ જોઈએ, તો બધાએ પોતાનું રક્ષણ કરવાની વાત કરી છે. કોઈએ બુદ્ધિ માંગી હોય, જ્ઞાન માંગ્યું હોય, એવી કોઈ વાત દેખાતી નથી. એટલે કે ભોગ ભોગવવા માટે દેહની સલામતી આવશ્યક છે. છેવટે એમણે તો એમ પણ કહ્યું કે, તમારા વિકરાળ સ્વરૂપથી પણ અમારું રક્ષણ કરો! સામાન્ય રીતે ક્રોધ ત્યારે જ આવે કે જ્યારે કોઈ અઘટિત ઘટના ઘટે, જેમ કે પુરાણોની વાત કરીએ તો રાક્ષસો અધર્મનો ફેલાવો કરતા હતાં, અને અન્ય નબળા લોકો પર અત્યાચાર કરતા હતાં, ત્યારે માતાએ પોતાના વિકરાળ સ્વરૂપે એ અસૂરોના સંહાર કર્યા, અને પૃથ્વીને પાપ મુક્ત બનાવી, અને ઈન્દ્ર આદિ દેવતાઓ, તથા ઋષિમુનિઓને માતાએ સૌમ્ય સ્વરૂપે દર્શન દીધા. એના પરથી આજના સંદર્ભે એવો અર્થ તારવી શકાય કે આપણે જેવા કર્મ કરીશું એ રીતે માતાને પામી શકીશું. આપણે કોઈ પર શારીરિક કે માનસિક અત્યાચાર કરતા રહીશું તો માતા વિકરાળ સ્વરૂપે જ દેખાશે, અને આપણને એનું એ સ્વરૂપ ભય પમાડશે! પરંતુ જો અન્યનું પોષણ કરીશું અન્યને માન સન્માન આપીશું તો માતા સૌમ્ય સ્વરૂપે દર્શન આપે છે. જય અંબે.

# સેના-રેલવે બાદ ત્રીજું સૌથી મોટું જમીન માલિક વક્ફને મનાય છે

વક્ફ સંશોધન વિધેયક પર સંયુક્ત સંસદીય સમિતિ દેશભરમાં ફરીને બધાને સાંભળી રહી છે. લગભગ દોઢ કરોડ ઈમેલ અને ૮૦ હજાર કાગળો સૂચનના નામે અત્યાર સુધી મળી ચૂક્યા છે. લઘુમતી બાબતોના મંત્રી અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલના અધ્યક્ષ કિરણ રિજિજુ ઓગસ્ટમાં વક્ફ કાયદામાં ૪૪ સંશોધનોનું માળખું સંસદમાં રજૂ કરે છે. લઘુમતી સમુદાયના ગરીબ અને કમજોર લોકો દ્વારા સતત સરકાર પર દબાણ બનાવવાનું પરિણામ તેને જણાવે છે. જેડીયુના સાંસદો સહિત કેટલાય અન્ય સાંસદોએ તેનું ખુલ્લું સમર્થન પણ કર્યું છે. પરંતુ વિરોધના અવાજો પણ ઓછા નથી. આ કારણે એક દિવસ માટે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રહેલા જગદંબિકા પાલની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. વક્ફ સાથે જોડાયેલા ઉલેમા અને રાજનીતિજ્ઞો સાથે વિચાર-વિમર્શની લોકતાંત્રિક પ્રક્રિયા ચાલી રહી છે. બંને સદનોમાં સંખ્યા બળ છતાં સરકાર સંવેદનશીલતા સાથે આ મુદ્દે આગળ વધતી દેખાય છે. આ મામલે ૧૯૫૪, ૧૯૯૫ અને ૨૦૧૩ના સંશોધન પહેલાં જો આવી ગહન લોકતાંત્રિક પ્રક્રિયા અપનાવી હોત તો આટલી વિકરાળ સ્થિતિ પેદા ન થઈ હોત. વક્ફ વિવાદનાં કેટલાંક ઉદાહરણ જોઈએ. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાના સંજૌલીમાં બનાવવામાં આવેલ મસ્જિદનો મામલો ચર્ચામાં છે. પાંચ માળની મસ્જિદ પર વક્ફ બોર્ડે કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને કહ્યું કે ઉપરના માળ કોણ બનાવી ગયું તે અમને ખબર જ નથી! તમિલનાડુના માનેંદિયાવલી ચંદ્રશેખર સ્વામીનું મંદિર ૧૫૦૦ વર્ષોથી ૩૬૯ એકર પર પ્રસરેલું છે. ત્યાંના વક્ફ બોર્ડે આ મંદિરની સંપત્તિ પર દાવો કરી દીધો છે. તિરુપ્પુર જિલ્લાના અવિનાશી અને થોટ્ટીપલાયમમાં ૯૩ સંપત્તિઓ પર ૮ ઓગસ્ટે વક્ફ દાવો દોહરાવે છે. દેવેંદ્રાર સમુદાયના ૨૧૬ પછાત પરિવારોને ૧૯૯૬માં રાજ્ય સરકારે પટ્ટા પર સાડા છ એકર જમીન ફાળવી હતી. હવે તેમની સ્થિતિ દયનીય છે. ગુજરાત વક્ફ બોર્ડે ત્રણ વર્ષ પહેલાં બેટ દ્વારકાના બે દ્વીપો પર દાવો હાઈકોર્ટમાં કર્યો, જેને ફગાવી દેવામાં આવ્યો. સુન્ની વક્ફ બોર્ડનો તાજમહેલ પર દાવો સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવ્યો છે. આ દરમ્યાન જેપીસીની ત્રીજી બેઠકમાં સંબંધિત અધિકારીઓએ દિલ્હીમાં વક્ફની ૨૦૦થી વધુ વિવાદિત સંપત્તિઓની વિગતો રજૂ કરી હતી. જમીન અને વિકાસ કાર્યાલય (એલએન્ડડીઓ)એ ૧૦૮ સંપત્તિઓ પર અને ડીડીએ (દિલ્હી વિકાસ પ્રાધિકરણ)એ ૧૩૮ સંપત્તિઓ પર માલિકીનો દાવો કર્યો છે. યુપીએ સરકારે પોતાના અંતિમ કાળમાં રાજધાનીની ૧૨૩ સંપત્તિઓને વક્ફ હોર્ડને હવાલે કરીને પોતાની દાનત છતી કરી દીધી હતી. તેની આડમાં અરસાથી ચાલતા જમીન કબ્જાવી લેવાના ષડયંત્રનો આ ખુલ્લો ખેલ પણ સામે છે. પૂર્વ રક્ષામંત્રી એ.કે. એન્ટની કોંગ્રેસની હાર પાછળ પાર્ટીની આ નીતિને જ જવાબદાર ગણાવે છે. જસ્ટિસ શાશ્વત કુમાર કમિટિ ૨૦૧૧માં સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને રાજ્યોમાં કાર્યરત વક્ફ બોર્ડ સાથે જોડાયેલી સંપત્તિઓની વિગતો આપી હતી. કુલ ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની વક્ફ બોર્ડની સંપત્તિથી વાર્ષિક ૧૨ હજાર કરોડ રૂપિયાની અનુમાનિત કમાણીને બદલે ૧૬૩ કરોડ રપિયાની વાત સામે આવે છે. ઈમામને સરકારી ખજાનામાંથી પગાર આપવા માટે બંધારણના અનુચ્છેદ ૨૧ને ૧૯૯૩માં સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ ૨૭થી ઉફર ગણાવ્યો હતો. સંસદીય સમિતિ દેશમાં બેફામ વધી રહેલી વક્ફ બોર્ડની સંપત્તિ પર ઉઠતા સવાલોના નિવારણના પ્રયાસમાં લાગેલી છે. ભારતની આઠ લાખ એકર જમીન પર ફેલાયેલા ૮,૭૨,૨૯૨ સંપત્તિઓ પર તેની માલિકી છે.

**નવલાં નોરતાંની રમઝટ-૫ | ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિ નું મહાત્મ્ય જોડાયેલું છે, નવરાત્રીનો ગરબા ઉત્સવએ શક્તિપૂજાનો જ ઉત્સવ છે**

# રમતો ભમતો જાય, આજ માનો ગરબો ઘુમતો જાય, ઘુમતો ઘૂમતો જાય, આજ માનો ગરબો ઘૂમતો જાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ગરબો એ એક લોક સંસ્કૃતિ છે, ગામડાંમાં જ્યારે અનાજ પાકી જાયને, તે આનંદના દિવસો આવે ત્યારે લોકો ભેગા થઇને દેવીદેવતાની સ્તુતિ કરીને આભાર વ્યક્ત કરતા હતા, આમાંથી એક લોકસંગીતનો પ્રકાર ઉભો થયો જેને ગરબો કહેવાયું, આનું આધુનિક સ્વરૂપ એટલે ગરબા નૃત્ય જૂની પરંપરામાં રાસ, દાંડિયા રાસ, ગોક, મટકી, ટીપ્પણી વગેરે પ્રકાર ઉભા થયા.**

આજે પાંચમું નોરતુ સાતમી ઓક્ટોમ્બર સોમવાર છે. ગરબા મુખ્યતઃ ગુજરાત રાજયમાં ખૂબ લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવ છે. ગરબા આસો માસની શુક્લ પક્ષની એકમથી નોમ સુધી ની તિથીઓ દરમ્યાન ગવાય છે. આ રાત્રી નવરાત્રી તરીકે જાણીતી છે.આ નૃત્ય દ્વારા અંબા,મહા કાળી ચામુંડા વગેરે દેવીઓની આરાધના કરવામાં આવે છે. આ ભારતના સૌથી જાણીતાતહેવારો માંનો એક છે. ગરબા રમતા લોકો નૃત્ય ઉપરાંત નવરાત્રીમાં કાણાં વાળી મટકીમાં અંદર જ્યોત મુકી ને બનાવાતા દીવાઓને પણ ગરબા કહે છે. નવરાત્રી દરમ્યાન માતાજીની સ્તુતિમાં ગવાતાં ગીતોને પણ ગરબા કહે છે. નવરાત્રીમાં જ્યોત પ્રગટાવી દીવા તરીકે પૂજાતો ગરબો ગરબો શબ્દ નો મૂળ અર્થ થાય છે. કાણાંવાળી મટકીકે જેમાં જ્યોત પ્રગટાવીને દીવા તરીકે માતાજીની પૂજામાં મુકવામાં આવે છે. ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલા છે. ભગવદગોમંડળમાં ગરબો શબ્દ નો અર્થ નીચે પ્રમાણે કરાયો છે.

અંદર દીવો હોય એવો કાણાં વાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો ઘડો. દીવો ઠરી ન જાય અને તેનાં કિરણ ચારેબાજુ નીકળી શોભે તે માટે તેને ઘણાં કાણાં રાખવામાં આવ્યાં હોય છે. દેવીપ્રસાદ માટે નવરાત્રિમાં ઘરમાં પૂજાય તે રાખવામાં આવે છે.

તાળીઓ પાડતાં દીવા કે માંડવી ની આસપાસ ફરતાં ગાવું તે.મોટી ગરબી લહેકાવીને ગાવાનો એક રાગ રાસડી નાદ અને નર્તન આદિ માનવના આંતરિક આવેગ અને ઉર્મિઓની અભિ વ્યક્તિ છે. ભય અને રણાભાવમાંથી આદિ માનવ પૂત કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે ભાવ એણે બલિ દાન,નાદ અને નર્તનરૂપે જ, વ્યક્ત કર્યો. ગરબો સારો ધર્મનું પ્રતિક છે. ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિનું મહાત્મ્ય જોડાયેલું છે. નવરાત્રી નો ગરબા ઉત્સવએ શક્તિપૂજા નો જ ઉત્સવ છે. ક્ષગર બોલ શબ્દની વ્યુત્પતિ માટે આપણા વિદ્વાનો હજુ સુધી પૂરે પૂરા એકમત નથી પરંતુ(ગરબો)આ ક્રમે ગરબો શબ્દ વ્યુત્પન્ન થયો હોવાનું જણાય છે. ગરબાને તાલરાસકનાં પ્રકાર તરીકે સ્વીકારતાં શ્રી ગોવર્ધન પંચાલ લખે છેકે,ઐતરેય આરણ્યક પરંપરાના અનુસંધાન રૂપે તાલ રાસક તાલ વગાડીને થતો કોઈ નર્તન પ્રકાર ઉપાના સમયમાં પ્રચલિત હોવાનું સમજાય છે. ઉષાનું લાસ્ય તાલ રાસક કે ગરબા જેવો કોઈ પ્રકાર તો નહી હોય ને ઈ.સ.ની ૧૩મી સદીના શારદા તનથ રાસકને લાસક પણ કહે છે ને એ રાસક કે લાસ હાસ્ય સાથે સામ્ય ધરાવે છે અથવા તો જો બન્ને સ્વીકારીએ તો ઉષાના લાસ્યને ગરબા જેવા નર્તન પ્રકાર સાથે જોડી શકાય, કારણ કે ઉપર કહેલી ઐતરેય આરણ્યકની પ્રણાલિકા સ્ત્રીના તાલરાસક જેવા પ્રકારનો ઉલ્લેખ તો કરે છે. આમ જોતાં ગરબા જેવા કોઈ પ્રકારની નર્તન પ્રણાલિકા ગુજરાતમાં પ્રથમ ઉષા દ્વારા પ્રચારમાં આવી હોય એમ દેખાય છે. ગરબો સંજ્ઞાની અર્થ છાયાઓ કમરા વિસ્તાર પામતી રહી. ગરબો લખાય,ગરબો છપાય,રમતો... માનો ગરબો ગરબા ગવાય, ગરબે ઘુમાય, ગરબાં ખરીદા યજ્ઞ આવા બધા અર્થે ગરબા શબ્દમાં સમાયેલા છે. નવરાત્રીમાં છિદ્ર વાળા માટીના ઘડામાં દીપ પ્રગટાવીને એની સ્થાપના કરીએ,એ ઘટ તે ગરબો આ ઘટને મધ્યમાં મૂકીને, એની આસપાસ સ્ત્રીઓ ગોળાકાર ઘૂમે તે નર્તન પ્રકાર પણ ગરબો. પછી આ નર્તન સાથે ગવાતું ગીત પણ લગરોલ સંજ્ઞા પામ્યું અને અંતે તો, મધ્યમાં ગરબાની સ્થાપનાના થઈ હોય તો પણ એ પ્રકારે વર્તુળાકાર થતું સામૂહિક નર્તન અને એની સાથે ગવાતું ગીત લગરબોલ તરીકે પ્રચાર પામ્યા ગરબો એ એક લોક સંસ્કૃતિ છે. ગામડાંમાં જ્યારે અનાજ પાકી જાયને,તે આનંદના દિવસો આવે ત્યારે લોકો ભેગા થઈને દેવીદેવતા ની સ્તુતિ કરીને આભાર વ્યક્ત કરતા હતા.આમાંથી એક લોક સંગીતનો પ્રકાર ઉભો થયો જેને ગરબો કહેવાયું. આનું આધુનિક સ્વરૂપ એટલે ગરબા નૃત્ય જૂની પરંપરામાં રાસ,દાંડિયા રાસ, ગોક મટકી, ટીપ્પણી વગેરે પ્રકાર ઉભા થયા,જુદાજુદા પ્રદેશમાં જુદી જુદી રીતે ગરબા લેવાતા થવાંને એમાં જુદા તાલ, અને પગલાં લેવાનાં થયાં,ગરબા ના બેપ્રકાર છે પ્રાચીન ગરબો આજે જોઈએ. લોકવાદન, લોકસંગીત અને લોક નર્તનમાંથી પ્રાચીન ગરબો પ્રગટે છે. આ નર્તન માં સહિયારા સમાન વેગ,સમાન અંગ ભંગ, સમાન ગતી, સમાન સ્ફૂર્તિ, હાયની તાળી અને હાથના હિલ્લોળની હું સાથે લય બદ્ધતા અને તાલબદ્ધતા હોવી જરૂરી છે. પ્રાચીન ગરબામાં ગીત,લય,સૂર અને તાલની મિલા વટ હોય છે. માત્ર તાલીઓના તાલ આપી સંગીતપૂર્વક પગના ઠેકા સાથે સ્ત્રીઓ સ્ત્રીઓ,પુરુષો- પુરુષો કે સ્ત્રીઓ પુરુષો ગોળા કારે સાથે કરીને રાસ નર્તન કરે તેને તાલીરાસક કે મંડલ રાસક કહેવાય છે. જે હલ્લીસકનૃત્તનો એક પ્રકાર છે. અભિનય દર્પણ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે પાર્વતી જીએ બાણાસુરની પુત્રી ઉષાને લાસ્ય શીખવ્યું, ઉષાએ દ્વારકાની ગોપી ઓને શીખવ્યું અને દ્વારકા ની ગોપીઓ એ સૌરાષ્ટ્રની સ્ત્રી ઓને શીખવ્યું. આ રીતે પરંપરા ગત રીતે લાસ્યનૃત્ય લોકજીવન માંપ્રતિષ્ઠિત બન્યું. એક અનુમાન પ્રમાણે શ્રી કૃષ્ણના હલ્લીસકનૃત્ત ના પદગતિ અને હલનચલનમાં ઉષાએ હાથ તાળી નું નર્તન ઉમેયુ તેમજ પુરુષોને તેમાંથી દૂર કર્યા કારણ એકલી સ્ત્રીઓ હો તો લાસ્ય સવિશેષ લલિત,લાવણ્ય મય અને સૌદર્ય યુક્ત પ્રસ્તુત થશે તાલ,તાલી,ચપટી,લચક,ડ્રેસ, લાસ્ય અને વર્તુળાકાર તાલી રાસ ના મુખ્ય અંગો ગણી શકાય. ગરબામાં એક તાલી,બે તાલી, ત્રણ તાલી, ચપટી અને પગની ઈસના વિવિધ પ્રકારો તેને તાલ અને લય આપે છે એટલે વાદ્યની જરૂર રહેતી નથી (ન હોય તો પણ ચાલે), નર્તન ગોળાકારે પૂર્ણ હોય છે, બબ્બે, ચાર ચારની ગૂંથણી કે અધવર્તુળ માં રચાતાં રચાતાં ગોળાકાર થાપ છે, આ લોકનર્તન ગોળાકારનું સ્વરૂપ જાળવી રાખતાં રાખતાં તેની પ્રવેશ અને પ્રસ્થાનની રચના ઓ અનેકવિધ તાલ, શબ્દો અને તેમાંથી ઊઠતા વિચારો દ્વારા સર્જતું રહે છે. આવું પ્રવેશ અને પ્રસ્થાનનું નાવિન્ય શિનાં લોકેનતનમાં અનન્ય છે. પ્રાચીન ગરબામાં હાથતાળી નર્તન મુખ્ય છે. આ ઉપરાંત માધાપર એકથી વધુ ખેડાં લઈ, ગરબી,માંડવડી,દીવા,દીવી દાંડિયા,મંજીરા વગેરે લઈ અને પણ વિવિધ અંગમરોડ અને ચાલ વૈવિધ્ય સાથેનું નર્તન જોવા મળે છે. તાલીરાસમાં ગવાતા વૃદગીતો માં ગરબે ઘૂમતી વખતે,એકનું એક ગીત પ્રથમ વિલંબિત પછી મધ્ય અને ત્યાર પછી દુતલમાં સામાન્ય રીતે લેવાય છે.પ્રાચીન લોકકૃતિ,લોકગીત અથવા દયા રામ સુધીના કવિઓની કૃતિઓના સમાવેશ પ્રાચીન ગરબામાં થાય છે. વિષયવસ્તુ વિશેષતઃભક્તિ પ્રધાન હોય છે.શક્તિનીઆરાધના શ્રી કૃષ્ણની લીલાઓ તેમજ લોક જીવનને સ્પર્શતા વિષ્ણુના સાધારણ લોક સમુદાય સહજતા થી ગાઈ શકે તેવા ગેયતા પ્રધાન લોકઢાળના વૃંદગીતો જ હોય છે. મહાકાળી, અંબા, બહુચર, આશાપુરા વગેરે અસંખ્ય દેવીઓ નું સ્મરણ કરીને ગરબો ગવાય છે.

ઈ.સ. ૧૭૨૧માં ભાણદાસજીએ રચેલી ગરબી ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી વિશે, તેન્રી મિ ભવાની રાસ ગાઉં ગુણ ગરબી મળે છે.અને ઈ.સ. ૧૭૮૦માં વલ્લભ મેવાડાએ ચેલો ગરબો, ગગન મંડળ કરી ગાગરડી રે મા, સકલ શોભા ભરી ૐ મા, મળે છે.આ પહેલાંનું, આ વિશેનું, અન્ય સાહિત્ય હજુ મળેલું નથી. વલ્લભ મેવાડો પ્રાચીન ગરબા ઓના પાયરૂપ ગણાય છે. તેના ગરબા (ગરબારૂપે લખાણ)નું કેન્દ્ર માતાની પ્રગટ ભક્તિ છે. મા તું પાવાની પટરાણી..'' એ તેનો અતિ પ્રસિદ્ધ પ્રાચીન ગરબો છે. આ ઉપરાંત ડીના સાંકલેશ્વર, જુના ગઢના દીવાન રણછોડજી, શામળ પ્રેમાનંદ. દયારામ, પ્રીતમ વગેરે સર્જકોએ ગુજરાતીમાં ગરબા અને ગરબીઓ આપ્યા છે.ગરબા ની મધ્યકાલિન રચનાઓ સુધી ગરબામાં ભક્તિ કે ધાર્મિક ઓચ્છવોનું પ્રતિબિંબ જોવા મળે છે. પછી ધીમે ધીમ ધાર્મિક ગરબો સામાજિક થતો ગયો. લોકગીતો અને લોકસાહિત્ય તેમાં ભળતા ગયાં. ગીત-સંગીતમય લોકસંગીત જેના તાલીમાં એકતાલ, દાદરા, દીપચંદી, કરવા, યુમાળીને હીંચ વિશેષ લેવાય છે. ત્રણ ચાર માત્રા ના પણ લાંકતોલો હોય છે. રાગોમાં સારંગ, ઝીંઝોટી, બાગે શ્રી, માંડ, કાઠી, કાલીંગડા, દેશ, ગારા, ખમાજ વગેરેની છાયા હોય છે. રાગની સંપૂર્ણતા નહિવત હોય છે.આ પ્રકારના પ્રાચીન ગરબાને અનુરૂપ સાદા લોકતાલ, લોકરાગ, લોકઢાળ હોય છે.અને એવાં જ સાદા લોકવાદ્યો હોય છે.

રમતો ભમતો જાય, આજ માનો ગરબો ઘુમતો જાય,ઘુમતો ઘુમતો જાય, આજ માનો ગરબો ઘુમતો જાય,પહેલે તે ગરબે અંબેમા નીસર્યા.. લળી લળી લાગુ પાય, આજ માનો ગરબો ઘુમતો જાય, બીજે તે ગરબે બહુચરમા નીસર્યા સાથે છે સખીઓનો સાથ આજ માંનો ગરબો ઘુમતો જાય, ત્રણ ભુવનમાં ગરબાને જોતા, દેવો હૈયે હરખાય, આજ માનો ગરબો ઘુમતો જાય, ગરબા ને જોતા બાળકડા આજે,ગાંડા ઘેલા થઈ જાય,આજ માનો ગરબો ઘુમતો જાય,ગરબાને દીવડે સુરજને ચંદ્ર, અંબેમાં ફરી ફરી ગાય, આજ મા નો ગરબો ઘુમતો જાય, કેશવ ભવાનીમા દ્વારે પધાર્યા, અભાગી ગુણલા ગાય , આજ માંનો ગરબો ઘુમતો જાય, રમતો ભમતો જાય આજ માંનો ગરબો ઘુમતો જાય, વાચક ચાહક મિત્રો, આજે પાંચમું નોરતું નવલાં નોરતાનો હવે થન ગનાટ જોવા મળી રહ્યો છે. સૌના ઉમદા સ્વાસ્થ્ય માટે અને યુક્રેન રશિયા હમાસ ઈઝરાઈલ ઈરાન વચ્ચે શાંતિ એખલાસની ભાવના સ્થાપિત થાય તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## આલિયાની સ્પાઇ થ્રિલર ફિલ્મ Alpha ક્યારે થશે રિલીઝ?




આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ અભિનીત ફિલ્મ 'આલ્ફા' એ રૂઈહ્ન સ્પાઇ યૂનિવર્સની અપકમિંગ ફિલ્મ છે. આ ફિલ્મને લઈને ચાહકોમાં જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. આલિયા અને શર્વરી બંને આ ફિલ્મમાં સુપર એજન્ટની ભૂમિકામાં જોવા મળશે. કહેવામાં આવી રહ્યું છે કે બંને અભિનેત્રીઓએ ફિલ્મના એક્શન સિક્વન્સ માટે ઘણી મહેનત કરી છે. હવે ફિલ્મને લઈને વધુ એક અપડેટ સામે આવી છે. આ ફિલ્મ આવતા વર્ષે ક્રિસમસના દિવસે એટલે કે, ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં ધુમ મચાવશે મળતી માહિતી પ્રમાણે, ફિલ્મના મેકર્સે આજે 'આલ્ફા'ની રિલીઝ ડેટ જાહેર કરી છે. YRF એ તેના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું પોસ્ટર શેર કરીને તેની રિલીઝ ડેટની જાહેરાત કરી છે. આ ફિલ્મ આવતા વર્ષે ક્રિસમસના દિવસે એટલે કે, ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં ધુમ મચાવશે. આ પોસ્ટ શેર કરતી વખતે કેપ્શનમાં લખ્યું છે કે, "ક્રિસમસ ૨૦૨૫ પર, આલ્ફાનો ઉદય થશે! એક્શનથી ભરપૂર રજા માટે તૈયાર રહો... ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫."આ ફિલ્મ હિન્દી ઉપરાંત તેલુગુ અને તમિલ ભાષામાં પણ રિલીઝ થશે. આ એક્શનથી ભરપૂર ફિલ્મનું દિગ્દર્શન શિવ રાવેલે કર્યું છે. આ અગાઉ બ્લોકબસ્ટર ફિલ્મ ધૂમ ૩, શાહરૂખ ખાન સ્ટારર ફેન અને આર માધવનની ધ રેલ્વે મેનનું નિર્દેશન કર્યું છે.

# બોલ્ડ સીન આપીને ચર્ચામાં આવેલી અભિનેત્રીનો ધડાકો

## મલ્લિકા શેરાવત એવી અભિનેત્રી છે કે જે બોલિવૂડમાં ફિલ્મી કારકિર્દી શરુ કરતાની સાથે જ ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ હતી

મલ્લિકા શેરાવત એવી અભિનેત્રી છે કે જે બોલિવૂડમાં ફિલ્મી કારકિર્દી શરુ કરતાની સાથે જ ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ હતી. તેણે પોતાના બોલ્ડ સીન અને અભિનયથી લોકોને દીવાના બનાવ્યા હતા.લાંબા સમય પછી મલ્લિકા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વાપસી કરી રહી છે. તે છેલ્લે ગયા વર્ષે હિન્દીમાં રિલીઝ થયેલી તમિલ ફિલ્મ પંબટ્ટમમાં જોવા મળી હતી. હવે તાજેતરમાં અભિનેત્રીનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તેણે બોલિવૂડમાં તેની બોલ્ડ ઈમેજને કારણે જે પડકારોનો સામનો કરવો પડ્યો તેની વાત કરી હતી. મલ્લિકાએ કહ્યું કે, 'હું સ્ક્રીન પર આવી ભૂમિકાઓ ભજવતી હોવાથી ઘણા ટોચના કલાકારોને લાગ્યું કે હું સ્ક્રીનની બહાર પણ તેમની સાથે કોમ્પ્રોમાઈઝ કરીશ. અભિનેત્રીએ જણાવ્યું કે મને રાત્રે આવા ઘણાં ફોન આવતા હતા, પરંતુ મેં તે બધાને ફગાવી દીધા હતા.'મલ્લિકાએ કહ્યું કે, 'આ રિજેક્શનના કારણે જ હું ઈન્ડસ્ટ્રીમાંથી દૂર થઈ ગઈ હતી.' મલ્લિકાએ કહ્યું, 'કેટલાક હીરો મને ફોન કરીને રાત્રે મળવા માટે કહેતા હતા. હું ફોન પર પૂછતી હતી કે હું તમને રાત્રે મળવા કેમ આવું. આના પર તેઓ



કહેતા હતા કે તમે સ્ક્રીન પર આવા બોલ્ડ રોલ કરો છો. તો મને રાત્રે મળવામાં શું વાંધો છે.'આ બાબતે મલ્લિકાએ કહ્યું કે, 'જ્યારે હું આવી ફિલ્મો કરતી હતી ત્યારે આ લોકો મને ઓપન વ્યક્તિ માનતા હતા. તેમને લાગ્યું કે જ્યારે હું સ્ક્રીન પર આટલી બોલ્ડ હોઈ શકું છું ત્યારે તે અમારી સાથે પણ બોલ્ડ થઈ શકે છે. તે અમારી સાથે કોમ્પ્રોમાઈઝ કરી શકે છે. પરંતુ એવું નથી.'એક અન્ય ઘટના વિષે જણાવતા પણ અભિનેત્રીએ જણાવ્યું હતું. જેનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થયો છે, જેમાં તે એ સમયને યાદ કરતા કહે છે કે મેં એક મોટી સ્ટાર કાસ્ટ સાથે દુબઈમાં એક મોટી ફિલ્મ માટે શૂટિંગ કર્યું હતું.

## બોલ્ડ સીન આપીને ચર્ચામાં આવેલી અભિનેત્રીનો ધડાકો

મલ્લિકા શેરાવત એવી અભિનેત્રી છે કે જે બોલિવૂડમાં ફિલ્મી કારકિર્દી શરુ કરતાની સાથે જ ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ હતી. તેણે પોતાના બોલ્ડ સીન અને અભિનયથી લોકોને દીવાના બનાવ્યા હતા.લાંબા સમય પછી મલ્લિકા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વાપસી કરી રહી છે. તે છેલ્લે ગયા વર્ષે હિન્દીમાં રિલીઝ થયેલી તમિલ ફિલ્મ પંબટ્ટમમાં જોવા મળી હતી. હવે તાજેતરમાં અભિનેત્રીનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તેણે બોલિવૂડમાં તેની બોલ્ડ ઈમેજને કારણે જે પડકારોનો સામનો કરવો પડ્યો તેની વાત કરી હતી. મલ્લિકાએ કહ્યું કે, 'હું સ્ક્રીન પર આવી ભૂમિકાઓ ભજવતી હોવાથી ઘણા ટોચના કલાકારોને લાગ્યું કે હું સ્ક્રીનની બહાર પણ તેમની સાથે કોમ્પ્રોમાઈઝ કરીશ. અભિનેત્રીએ જણાવ્યું કે મને રાત્રે આવા ઘણાં ફોન આવતા હતા, પરંતુ મેં તે બધાને ફગાવી દીધા હતા.'મલ્લિકાએ કહ્યું કે, 'આ રિજેક્શનના કારણે જ હું ઈન્ડસ્ટ્રીમાંથી દૂર થઈ ગઈ હતી.' મલ્લિકાએ કહ્યું, 'કેટલાક હીરો મને ફોન કરીને રાત્રે મળવા માટે કહેતા હતા. હું ફોન પર પૂછતી હતી કે હું તમને રાત્રે મળવા કેમ આવું. આના પર તેઓ કહેતા હતા કે તમે સ્ક્રીન પર આવા બોલ્ડ રોલ કરો છો. તો મને રાત્રે મળવામાં શું વાંધો છે.'આ બાબતે મલ્લિકાએ કહ્યું કે, 'જ્યારે હું આવી ફિલ્મો કરતી હતી ત્યારે આ લોકો મને ઓપન વ્યક્તિ માનતા હતા. તેમને લાગ્યું કે જ્યારે હું સ્ક્રીન પર આટલી બોલ્ડ હોઈ શકું છું ત્યારે તે અમારી સાથે પણ બોલ્ડ થઈ શકે છે. તે અમારી સાથે કોમ્પ્રોમાઈઝ કરી શકે છે. પરંતુ એવું નથી.'એક અન્ય ઘટના વિષે જણાવતા પણ અભિનેત્રીએ જણાવ્યું હતું.

### ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'સોનુ ટપ્પુસેનાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે

## વિવાદ-આક્ષેપો વચ્ચે નવી 'સોનુ ભિડે'ની એન્ટ્રી

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોમાં એક નવી વ્યક્તિની એન્ટ્રી થઈ રહી છે. આ શોમાં સોનુ ભિડેનું પાત્ર ભજવતી અભિનેત્રી પલક સિંધવાનીએ શો છોડી દીધો હતો. જેથી તેના રિપ્લેસમેન્ટ તરીકે શોના નિર્માતાઓએ 'ખુશી માલી'ને કાસ્ટ કરી છે. જેની જાણકારી શોના નિર્માતા અસિત કુમાર મોદીએ આપી હતી. નિર્માતા અસિત મોદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'સોનુ ટપ્પુસેનાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. જેથી ખૂબ જ વિચાર કર્યા બાદ જ અમે આ રોલ માટે ખુશી માલીને કાસ્ટ કરી છે. નિર્માતા અસિત મોદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'સોનુ ટપ્પુસેનાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અમને આશા છે કે અમારા દર્શક ખુશીને પણ એવો જ પ્રેમ આપશે જેવો છેલ્લા ૧૬ વર્ષથી આ શો અને તેના પાત્રોને આપી રહ્યા છે.'ખુશી એક મોડેલ અને અભિનેત્રી છે. તારક મહેતા શો પહેલા તે 'સાઝા સિંદૂર' નામના શોમાં જોવા મળી છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો સાથે જોડાતા અભિનેત્રી ખુશી વ્યકત કરતા કહ્યું હતું કે, 'તારક મહેતા શોનો ભાગ બનવું મારા મારે આશીર્વાદ સમાન છે. આ મારા માટે એક શાનદાર તક છે. હું સોનુ શો સાથે જોડવા માટે ઉત્સુક છું.' વિવાદ અને આક્ષેપો વચ્ચે નવી 'સોનુ ભિડે' ની એન્ટ્રીપલકને તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોના મેકર્સ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. તેમજ શુટિંગના સેટ પર અમાનવીય વ્યવહારનો સામનો કર્યો હોવાનો ખુલાસો કર્યો હતો. અભિનેત્રીએ દાવો કર્યો હતો કે પ્રોડક્શન ટીમ મને ૩૦ મિનિટના શોટ માટે સેટ પર ૧૨-૧૨ કલાક રાહ જોવડાવતી હતી. આટલું જ નહીં, પલકએ નિર્માતાઓ પર ૨૧ લાખ રૂપિયા ન ચૂકવ્યા હોવાનો આરોપ પણ લગાવ્યો હતો. મેકર્સે કોન્ટ્રાક્ટનું ઉલ્લંઘન કરવા બદલ પલકના નામે લીગલ નોટિસ જારી કરી છે.



### 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' ૧૧ ઓક્ટોબરના રોજ રિલીઝ થશે

## શ્રદ્ધાએ ઈનકાર કરતાં તૃપ્તિને ફિલ્મ મળી

**શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨'ને મોટી સફળતા મળી, શ્રદ્ધા બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ છે**

શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨'ને મોટી સફળતા મળી, શ્રદ્ધા બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ છે. ૬૦૦ કરોડની કમાણીને પાર કરનાર બોલિવૂડની પહેલી ફિલ્મ બની ગઈ છે. શ્રદ્ધાનો અભિનય લોકોને એટલો પસંદ પડ્યો છે કે હવે તેની ગણતરી ઈન્ડસ્ટ્રની ટોચની એક્ટ્રેસમાં થવા લાગી છે. પરંતુ ઘણા લોકોને એ વાત જાણીને આશ્ચર્ય થશે કે શ્રદ્ધા રાજકુમાર રાવ સાથેની એક મોટી ફિલ્મ સહેજ માટે ચૂકી ગઈ છે. 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો'માં અગાઉ શ્રદ્ધા કપૂરને કાસ્ટ કરવાવાની હતી. રાજ શાંડિલ્યની પહેલી પસંદ શ્રદ્ધા હતી. પરંતુ પછી આ ફિલ્મ તૃપ્તિને મળી ગઈ હતી, કારણ કે શ્રદ્ધાએ પહેલાં બંને હોરર કોમેડી 'સ્ત્રી' અને 'સ્ત્રી ૨'માં રાજકુમાર સાથે કામ કર્યું છે. પરંતુ પછી શ્રદ્ધા આ ફિલ્મના પ્રમોશનમાં એટલી વ્યસ્ત હતી કે ટૂંક સમયમાં જ પોતાના અભિનયથી ડિરેક્ટર્સને પ્રભાવિત કરનાર તૃપ્તિ ડિમરી પર પસંદ ઉતારવામાં આવી. 'એનિમલ'ની સફળતા પછી તૃપ્તિ રાતોરાત લોકપ્રિય થઈ ગઈ હતી. તેથી રાજ શાંડિલ્યને પણ લાગ્યું કે, તેમની ફિલ્મ માટે તૃપ્તિ વધુ સારો વિકલ્પ બની શકે છે. રાજ શાંડિલ્યએ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં પણ જણાવ્યું હતું કે તેમની પહેલી પસંદ શ્રદ્ધા કપૂર હતી. હવે 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' ૧૧ ઓક્ટોબરના રોજ રિલીઝ થઈ રહી છે.




### છેલ્લાં ઘણા સમયથી 'ભૂલભુલૈયા ૩'ની ચર્ચાઓ ચાલી રહી છે

## 'ભૂલભુલૈયા ૩'ને રિલીઝ પહેલાં ૧૩૫ કરોડની આવક




**થિએટ્રીકલ રિલીઝ અને બોક્સ ઓફિસની કમાણી જેટલી જ એ સિવાયના ફિલ્મના હકોની ડીલ વધુ મહત્વની બની ગઈ છે**

છેલ્લાં ઘણા સમયથી 'ભૂલભુલૈયા ૩'ની ચર્ચાઓ ચાલી રહી છે, પહેલી બે ફિલ્મની સફળતા બાદ આખરે આ ફિલ્મ દિવાળી પર રિલીઝ થઈ રહી છે. હવે થિએટ્રીકલ રિલીઝ અને બોક્સ ઓફિસની કમાણી જેટલી જ એ સિવાયના ફિલ્મના હકોની ડીલ વધુ મહત્વની બની ગઈ છે. ત્યારે કેટલાંક અહેવાલોમાંથી માહિતિ મળી રહી છે કે 'ભૂલભુલૈયા ૩'એ મોટી નોન થિએટ્રિકલ ડીલ કરી છે, જેને આ ફિલ્મની ફ્રેન્ચાઈઝીની અને કાર્તિક આર્યનની પણ સૌથી મોટી ડીલ માનવામાં આવે છે. આ અહેવાલો મુજબ 'ભૂલભુલૈયા ૩'ના ડિજીટલ રાઈટ્સ, ટીવી રાઈટ્સ અને મ્યુઝિક રાઈટ્સ થઈને ૧૩૫ કરોડની ડીલ કરવામાં આવી છે. આ ફિલ્મના બીજા ભાગની સફળતાને ધ્યાનમાં રાખીને નેટફ્લિક્સે ફિલ્મના ડિજિટલ રાઈટ્સ ખુબ મોટી રકમથી ખરીદ્યા છે. જ્યારે ટીવી એટલે કે તેના સેટેલાઈટ રાઈટ્સ સોની નેટવર્ક દ્વારા મેળવી લેવાયા છે. તેમજ ટી સિરીઝ દ્વારા મ્યુઝિક રાઈટ્સ ખરીદવામાં આવ્યા છે. કારણ કે તેમાં પણ ફિલ્મના સુપર હિટ ગીતોને કારણે મોટો લાભ થવાની આશા છે. આમ ફિલ્મની ટીમ દ્વારા ફિલ્મ પાછળ થયેલાં રોકાણની મોટી રકમ રિલીઝ પહેલાં જ મેળવી લેવાઈ છે. એવી ચર્ચા છે કે અનીસ બાઝમી અને ભુષણ કુમારે આ હોરર કોમેડીને સૌથી ભવ્ય બનાવવામાં કોઈ કચાશ રાખી નથી. આ ફિલ્મનું પ્રોડક્શન બજેટ ૧૫૦ કરોડનું હોવાનું માનવામાં આવે છે, જેમાં પ્રિન્ટ અને પબ્લિસિટીનો ખર્ચ તો પહેલાંથી જ વસૂલ થઈ ગયો છે.

# પેરેન્ટ્સ કરતાં અડધી અભિનય ક્ષમતા વિકસે તો પણ સારા ખુશ થશે

## સારાએ પિરીયડ્ઝ અને પીસીઓડી પર વાત કરવાને સહજ ગણવા અંગે પોતાનો મત રજૂ કર્યો

સારા અલી ખાન હંમેશા પોતાના પિતાની અભિનય ક્ષમતા બાબતે અહોભાવથી વાત કરતી જોવા મળે છે. તેણે તાજેતરમાં એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે તે ભવિષ્યમાં ક્યારેક તેના માતા-પિતા કરતાં અડધી અભિનય ક્ષમતા પણ હાંસલ કરી શકે. સારાએ ૨૦૧૮માં 'કેદારનાથ' ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. જોકે, હજુ સુધી એણે 'દેવરા પાર્ટ ૧'માં તેના પિતાનું કામ હજુ જોયું ન હોવાની પણ વાત કરી હતી. પરંતુ તેને વિશ્વાસ છે કે સૈફે જોરદાર કામ જ કર્યું હશે.સારાએ કહ્યું,"હું મારા પપ્પાને બહુ પ્રેમ કરું છું અને મને વિશ્વાસ છે કે એમણે જોરદાર કામ જ કર્યું હશે. મને એમના માટે બહુ માન છે અને એમનું કામ પણ બહુ ગમે છે. હું આશા રાખું કે એક દિવસ મારામાં મારા પૅરેન્ટ્સ કરતાં અડધી પણ એક્ટિંગ ક્ષમતા હોય."સારા સેનેટરી પૅડ્ઝની બ્રાન્ડ સાથે પણ કામ કરે છે. તો આ ઈવેન્ટમાં તેણે કહ્યું, "એક મહિલા તરીકે હું માનું છું કે બીજી મહિલાને મારે બને એટલો આરામ આપવાની કોશિશ કરવી જોઈએ. આપણે ત્યાં પિરીયડ્ઝ એક ટેબૂ છે, પૅડ છુપાવી દો, પીરિયડ્ઝ વિશે જાહેરમાં વાત ન કરો, તેને કાળી બૅગમાં પેક કરીને રાખો." આગળ સારાએ કહ્યું,"આપણે ત્યાં પીરિયડ્ઝ, માનસિક આરોગ્ય અને હાઈજિન વિશે વાત કરતાં લોકોને બહુ સંકોચ થાય છે. તે વિશે ખુલીને વાત કરવી એ જ સૌથી મોટું પગલું છે. આપણું જીવન કોઈને કોઈ રીતે પીરિયડ્ઝની આસપાસ જ સંકળાયેલું છે."સારા પહેલાંથી જ પીસીઓડી અને ઓબેસિટી વિશે ખુલીને બોલતી રહી છે. તેણે આ અંગે કહ્યું, "ઘણી સ્ત્રીઓ મારી પાસે આવે છે અને કહે છે કે સારું થયું તમે વજન, સ્ટ્રેસ અને પીસીઓડી વિશે વાત કરી. આ બધી બાબતો એટલી સામાન્ય છે કે મને સમજાતું નથી કે લોકો તેના વિશે ખુલીને વાત કેમ કરતાં નથી. જો હું કોઈને પણ એવો અહેસાસ કરાવવા માગતી હોય કે હું એમને સમજું છું, તો એ આ સમસ્યાઓ છે, જ્યારે મહિલાઓ તમને કહે છે કે આ તો મારી પણ સમસ્યા છે. ત્યારે તમને અચાનક સારું લાગવા માંડે છે. જો હું એટલું કરી શકતી હોય તો કમ ન કરું."



# સુનીલ શેટ્ટીનો વારસો દીકરા અહાને જાળવ્યો

સની દેઓલની બ્લોકબસ્ટર ફિલ્મ 'બોર્ડર'ની સીક્વલ અઢી દાયકા બાદ શરૂ થઈ રહી છે. ૧૯૯૭માં બનેલી ફિલ્મની સીક્વલ 'બોર્ડર ૨'માં સની દેઓલનો લીડ રોલ યથાવત છે, જ્યારે કો-સ્ટાર્સમાં નવી પેઢીના એક્ટર્સનો સમાવેશ થઈ રહ્યો છે. સનીએ અગાઉ પોતાની ટીમમાં વરુણ ધવન અને દિલજિત દોસાંજને આવકાર્યા હતા. સની દેઓલે વરુણ ધવન અને દિલજિત દોસાંજ પછી અહાનને આવકાર્યો. હવે સનીએ સુનલ શેટ્ટીના દીકરા અહાનને પોતાન ટીમમાં લીધો છે. સનીએ સોશિયલ મીડિયા પર પોતાની બટાલિયનમાં અહાન જોડાયો હોવાનું જાહેર કર્યું હતું. ટીઝર વીડિયો સાથે આ એનાઉન્સમેન્ટ થઈ હતી, જેમાં અહાનનો અવાજ છે. અહાને બોર્ડરનું મહત્ત્વ સમજાવતા આ ડાયલોગમાં કહ્યું છે, જિસે પાર નહીં કર પાતા દુશ્મન. વો ના તો કોઈ લકીર હૈ, ના દીવાર, ના ખાઈ હૈ. ઔર ક્યારે હૈ યે બોર્ડર? બસ એક ફૌજી ઔર ઉસકે ભાઈ હૈ. સનીએ કેપ્શનમાં કહ્યું હતું, વેલકમ ટુ ફૌજી અહાન ટુ ધ બટાલિયન. અહાનના પિતા સુનિલ શેટ્ટીએ આ પોસ્ટના રીપ્લાયમાં ફેન્ટમ કહીને દીકરાના વખાણ કરી દીધા હતા. અહાનના પિતા સુનિલ શેટ્ટીએ ૧૯૯૭માં રિલીઝ રિલીઝ થયેલી ફિલ્મ બોર્ડરમાં મહત્ત્વનો રોલ કર્યો હતો. અહાને કહ્યું હતું કે, આ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે તેની માતા પ્રેગનન્ટ હતી અને તે માતાના ગર્ભમાંથી જ આ ફિલ્મ સાથે જોડાયેલો હતો. બોર્ડર એ માત્ર ફિલ્મ નથી, એક લેગસી છે. બોર્ડરનું પ્રોડક્શન શરૂ થયું તે સમયથી એટલે કે ૨૯ વર્ષથી તે આ ફિલ્મના કિસ્સા સાંભળતો આવ્યો છે. અહાને આ તક આપવા બદલ પ્રોડ્યુસર ભુષણ કુમાર, સની દેઓલનો આભાર માન્યો હતો. અહાને પિતાનો આભાર માનતા કહ્યું હતું કે, તે આજે જે કંઈ પણ છે તે પિતાના પ્રભાવથી છે અને પિતાના વારસાને જાળવવા તે કટિબદ્ધ છે.




### સસરા મિથુને એક્ટ્રેસની કુંડળી વાંચી

## ભવિષ્ય બતાવીને ૬ મહિના બાદ દીકરા સાથે જ લગ્ન કરાવી દીધા

### ટીવી શો અનુપમામાં કાવ્યાનું પાત્ર નિભાવનાર મદાલસાએ પોતાના લગ્ન અને સસરા મિથુનને લઈને વાત કરી



ટીવી શો અનુપમામાં કાવ્યાનું પાત્ર નિભાવનાર એક્ટ્રેસ મદાલસા શર્માએ પોતાના લગ્ન અને સસરા મિથુન ચક્રવર્તીને લઈને વાત કરી છે. મદાલસા શર્માએ સીનિયર એક્ટર મિથુન ચક્રવર્તીના પુત્ર મહાક્ષય ચક્રવર્તી ઉર્ફે મિમોહ સાથે લગ્ન કર્યાં છે. એક્ટ્રેસે જણાવ્યું કે કેવી રીતે તેનો સંબંધ મિમોહ સાથે શરૂ થયો હતો. મદાલસાએ કહ્યું, 'અમે મારી માતાની ફિલ્મો મ્યૂઝિક લોન્ચ પર પહેલી વખત મળ્યા હતા. તે બાદ અમે ટચમાં હતા. એવું નહોતું કે અમે ડેટ કરી રહ્યાં હતા. હુ ૧૬-૧૭ વર્ષની હતી ત્યારે લગભગ સાત વર્ષ બાદ હુ ન્યૂયોર્કમાં હતી અને મે પોતાના વ્હોટ્સએપ સ્ટેટસ પર એક ફોટો પોસ્ટ કર્યો હતો. જે મિમોહે જોયો અને મને મેસેજ કર્યો. તેણે મારા વર્ક પ્લાન વિશે પૂછ્યું પછી કહ્યું કે મારા પિતા કુંડળી સારી વાંચે છે અને તારું ભવિષ્ય જણાવી શકે છે. તો મે તેને મારી બર્થ ડિટેલ્સ આપી દીધી. બાદમાં તેના પિતાએ મારા ભવિષ્ય વિશે જણાવ્યુ અને મિમોહે જાણીજોઈને એવું કહ્યું કે જો આપણે સાથે રહીશું તો આપણુ સારું બનશે. આ રીતે અમારી કહાની શરૂ થઈ હતી. અમે હું ભારત આવું ત્યારે મળવાનો નિર્ણય કર્યો. મને લાગે છે કે આ અમારું નસીબ હતુ. મુલાકાતના એક અઠવાડિયા બાદ અમારી સગાઈ થઈ અને પછી છ મહિનામાં લગ્ન થઈ ગયા.' મદાલસા શર્માએ એ પણ જણાવ્યું કે 'હું અને મિથુન ચક્રવર્તી ફિલ્મમાં સાથે હતા. ફિલ્મ 'તેરે પ્યાર મે' માં બંનેએ ડાયરેક્ટર અને એક્ટર તરીકે કામ પણ કર્યુ હતું. દરમિયાન મિથુનને જ્યારે મદાલસા અને મિમોહના સંબંધ વિશે ખબર પડી તો તેઓ ખૂબ ખુશ હતા. તેથી મદાલસા પોતાના લગ્નને લવ કમ અરેન્જ મેરેજ માને છે.

# શક્તિ સંધ્યા રાસ-ગરબા સિઝન ૨ : સંગીત, ગરબા અને ભક્તિનો બેજોડ સંગમ



। અમદાવાદ, તા.૬ ।

શહેરના ગરબા પ્રેમીઓ માટે આ વર્ષે ડિજિટલ ડાઈવ એન્ટરટેઈનમેન્ટ ફરી એકવાર ખૂબજ આતુરતાથી રાહ જોવાતા શક્તિ સંધ્યા રાસ-ગરબા સિઝન ૨ લઈને આવી ગયું છે. પ્રમુખ સ્વામી મહોત્સવ ગ્રાઉન્ડ, ઓગણજ ચાર રસ્તા પાસે, સરદાર પટેલ રિંગ રોડ ખાતે આ ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ ગરબા પ્રેમીઓ માટે યોજાયો છે. આ નવરાત્રી મહોત્સવમાં પ્રસિદ્ધ ગુજરાતી સિંગર દિવ્યા ચૌધરી તેમના મધુર અવાજ અને વાઈબ્રન્ટ ઉપસ્થિતિ સાથે પારંપરિક ગરબાની પ્રસ્તુતિ કરી રહ્યા છે, જે લાઈવ ગરબા અને રાસના માધ્યમથી માં દુર્ગાની આરાધનાનો એક અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરે છે. ૧૦૦૦૦ થી વધારે ખેલૈયાઓની કેપેસીટી ધરાવતા આ ગ્રાઉન્ડમાં નવરાત્રી મહોત્સવમાં રોજેરોજ હજારો ની સંખ્યામાં ખેલૈયાઓ મન મૂકીને નાચી રહ્યા છે અને ગરબાની મોજ માણી રહ્યા છે.

# બોપલમાં પાર્શ્વ જ્વેલરી હાઉસના નવા શોરૂમનું ઉત્સાહભેર સ્વાગત



। અમદાવાદ, તા.૬ ।

હવે પ્રસંગો પરાણે નહિ ઉજવાય અને અને અવસરોમાં કશું મન વગરનું નહિ થાય કારણકે *પાર્શ્વ જ્વેલરી હાઉસમાં ગોલ્ડનો રેટ ૪૯,૯૯૯ થી શરૂ થાય છે, વસ્ત્રાલ, ઘાટલોડિયા અને નિકોલ પછી હવે બોપલમાં પોતાના નવા કલેક્શન સાથે આવી ગયું છે.તો આ તક ચુકાય એવી નથી આજે જ મુલાકાત કરો આપના નજીકના પાર્શ્વના શોરુમની.*

આજના સમયમાં જ્યારે સોનાના ભાવ આસમાને આંબી રહ્યા છે ત્યારે, પાર્શ્વ જ્વેલરી હાઉસ ખાસ તમામ લોકો માટે સૌથી ઓછા ગોલ્ડ રેટ સાથે હાજર છે. પાછલા ૧૬ વર્ષની સફરમાં કરિયાવરથી લઈને કુંભ સ્થાપન જેવા દરેક પ્રસગોનું પાર્શ્વ જ્વેલરી હાઉસ સાક્ષી રહ્યું છે. અને એટલે જ જ્યારે પ્રસંગ પાર્શ્વનો હોય તો પરિવાર પણ તો સાથે જ હોયને! આ નવાં શોરૂમના મંગલ પ્રસંગે માત્ર ૧૪ દિવસમાં આશરે ૧ લાખ લોકોની ઉપસ્થિતિ જોઈ, જેમાં સંત-મહંતથી લઈને રાજકીય નેતાઓ, કલાકારો, સરકારી અધિકારીઓ, વકીલો, વેપારીઓ અને બિલ્ડર્સએ આનંદપૂર્વક હાજરી આપી.

અહીં આવનારા દરેક વ્યક્તિનું સાંભળીએ તો એક સુરે એક જ જવાબ મળે કે પાર્શ્વ એટલે ભરોસો.

# ૭ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન, વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## રાષ્ટ્રના સામાજિક અને આર્થિક વિકાસમાં ભારતીય પોસ્ટ વિભાગની વધતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન થશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**૯ ઓક્ટોબર વિશ્વ ડાક દિવસ : 'સંચારને સક્ષમ બનાવવાના અને રાષ્ટ્રોના લોકોને સશક્ત બનાવવાના ૧૫૦ વર્ષ'ની થીમ સાથે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન ૧૫૦મી વર્ષગાંઠ મનાવશે**




। અમદાવાદ, તા.૬ ।

રાષ્ટ્રીય ડાક સપ્તાહ ૭ થી ૧૧ ઓક્ટોબર સુધી મનાવવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન, ડાક સેવાઓની સેવાઓમાં થયેલ નવીનતાની જાગૃતિ વધારવાઅને ગ્રાહક આધારનો વિસ્તાર કરવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઉત્તર ગુજરાત ક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવએ જણાવ્યું કે આ વર્ષે રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં ભારતીય ડાકની ઉભરતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. નાણાકીય સશક્તિકરણ સાથે ખાસ કરીને બાળ સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છેઅને ડાક અને પાર્સલ સેવાઓ જેવી કે ડાકઘર નિર્યાત કેન્દ્ર અને ઑન-ધ-સ્પોટ આધાર અપડેટ જેવી સેવાઓ સાથે આદિવાસી, દુર્ગમ, પર્વતીય, અનાદત અને બૅંકિંગ સેવાઓથી વિમુખ વિસ્તારો પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, ડાક સપ્તાહ દરમિયાન, દરરોજ ખાસ એક ઉત્પાદન અથવા સેવાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.૭ ઓક્ટોબર ડાક અને પાર્સલ દિવસ તરીકે, ૮ ઓક્ટોબર ફિલાટેલી દિવસ તરીકે, ૯ ઓક્ટોબર વિશ્વ ડાક દિવસ તરીકે, ૧૦ ઓક્ટોબરનો અંત્યોદય દિવસ તરીકે અને ૧૧ ઓક્ટોબર નાણાકીય સશક્તિકરણ દિવસ તરીકે મનાવવામાં આવશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે 'વિશ્વ ડાક દિવસ' નો હેતુ વિશ્વભરના લોકોના દૈનિક જીવન, વેપાર અને સામાજિક અને આર્થિક વિકાસમાં ડાક સેવાઓની ભૂમિકા વિશે જાગૃતિ વધારવાનો છે. 'એક વિશ્વ-એક ડાક પ્રણાલી'ની સંકલ્પનાને સાકાર કરવા માટે ૯ ઓક્ટોબર, ૧૮૭૪ ના રોજ 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન' ની સ્થાપના બર્ન, સ્વિટ્ઝર્લેન્ડમાં કરવામાં આવી હતી, જેથી વિશ્વભરમાં એકસમાન ડાક વ્યવસ્થા અમલમાં આવી શકે. ભારત પ્રથમ એશિયન દેશ હતો, જે ૧ જુલાઈ ૧૮૭૬ ના રોજ સભ્ય બન્યો. બાદમાં વર્ષ ૧૯૬૯ માં ટોકિયો, જાપાનમાં યોજાયેલી યુનિવર્સલ પોસ્ટલ યુનિયન કોંગ્રેસમાં સ્થાપના દિવસ ૯ ઓક્ટોબરને 'વિશ્વડાક દિવસ' તરીકે મનાવવા માટે ઘોષિત કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૪ માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (યુપીયુ)દ્વારા તેની ૧૫૦ મી વર્ષગાંઠ મનાવવામાં આવી રહી છે, તેથી આ વર્ષની થીમ'સંચારને સક્ષમ બનાવવા અને રાષ્ટ્રોના લોકોને સશક્ત બનાવવા માટેના ૧૫૦ વર્ષ' છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ડાક સપ્તાહ દરમિયાન ડાક સેવાઓના વ્યાપક પ્રચાર-પ્રસાર અને ગ્રાહક સેવા વિસ્તરણ પર ભાર મૂકવામાં આવશે. સાથે જ ડાક સેવાઓની કાર્યપદ્ધતિને સમજવા માટે શાળાના બાળકો દ્વારા પોસ્ટ ઓફીસની મુલાકાત, ક્વિઝ, સ્ટેમ્પ ડિઝાઈન, ઢાઈ આખર પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. મેલ અને પાર્સલ કસ્ટમર્સ મીટ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, આધાર કેમ્પ, નાણાકીય સાક્ષરતા અભિયાન, બચત સેવાઓ, ડાક જીવન વિમા, સુકન્યા સમૃદ્ધિ યોજના અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ઉત્પાદનો વગેરેને લઈને દરેક જિલ્લામાં નાણાકીય સશક્તિકરણ મેળા અને ડાક ચોપાલનું આયોજન કરવામાં આવશે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ અવકાશ સપ્તાહ'ની ઉજવણીનો પ્રારંભ



। અમદાવાદ, તા.૬ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે. ૪ ઓક્ટોબર ૧૯૫૭ના દિવસે સૌપ્રથમ માનવ નિર્મિત પૃથ્વી ઉપગ્રહ સ્પુતનિક-૧નું અંતરિક્ષમાં પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. જે બાદ અવકાશ સંશોધનોનો માર્ગ મોકળો બન્યો.

આ ઘટનાના ૧૦ વર્ષ બાદ ૧૦ ઓક્ટોબર ૧૯૬૭ના દિવસે ચંદ્ર અને અન્ય ખગોળીય પદાર્થો સહિત બાહ્ય અવકાશના સંશોધન અને શાંતિપૂર્ણ ઉપયોગ માટે જુદા જુદા રાષ્ટ્રોની પ્રવૃત્તિઓને સંચાલિત કરતા સિદ્ધાંતોની સંધિ અમલમાં મૂકવામાં આવી. આ બંને દિવસોની યાદમાં તેમજ માનવ જીવન વધુ સુવિધાસભર બને તે માટે અંતરિક્ષ વિજ્ઞાન અને ટેક્નોલોજીના યોગદાનની ઉજવણી કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૯૯માં ૪ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર દરમિયાન વિશ્વ અંતરિક્ષ સપ્તાહની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ વર્ષે વિશ્વ અવકાશ સપ્તાહની થીમ 'સ્પેસ એન્ડ ક્લાયમેટ ચેન્જ' છે. આ થીમ પર ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ વિશ્વ અવકાશ સપ્તાહ ઉજવણી કરવામાં આવી રહી છે. જે નિમિત્તે ૪ ઓક્ટોબરે ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કરવામાં આવ્યું. જેમાં SAC-ISROના ડાયરેક્ટર શ્રી નીલેશ દેસાઈ, ભારતીય હવામાન વિભાગ, અમદાવાદના પ્રમુખ ડો. એ.કે. દાસ, ઈન-સ્પેસ, કર્ણાટકના પ્રમોશન ડાયરેક્ટર વિનોદ કુમાર, ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી. જે.બી. વદર તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતી ફિલ્મ ઇન્ટરવ્યુ અદભુત અભિનય અને પારિવારિક અપીલ માટે દિલ જીતી લે છે




। અમદાવાદ, તા.૬ ।

ગુજરાતી ફિલ્મ ઈન્ટરવ્યુએ ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થઈ ત્યારથી જ દર્શકોના દિલ જીતી લીધા છે. ફેમિલી ઓડિયન્સ સાથે ઊંડે સુધી કનેક્ટ થવાની આ ફિલ્મની ક્ષમતા એક વિશિષ્ટ લક્ષણ છે, જેમાં દર્શકો તેના પ્રથમ નોકરીના ઈન્ટરવ્યુ દરમિયાન એક યુવાન છોકરા દ્વારા અનુભવાયેલી લાગણીઓ અને સંઘર્ષોના વાસ્તવિક ચિત્રણની પ્રશંસા કરે છે.

કિલ્લોલ પરમાર દ્વારા લખાયેલ, નિર્મિત અને દિગ્દર્શિત, ઈન્ટરવ્યુ નચિકેતની વાર્તા કહે છે, જે એક મધ્યમ-વર્ગીય પરિવારનો એક એવરેજ છોકરો છે. તેમના પ્રથમ ઈન્ટરવ્યુના દિવસે, જાગવાથી લઈને ઈન્ટરવ્યુનો સામનો કરવા સુધીના છ કલાકમાં, આ ફિલ્મ તેમના ડર, સપનાઓ અને હૃદયસ્પર્શી પારિવારિક ક્ષણોને પ્રકાશિત કરે છે જે તેમની મુસાફરીને આકાર આપે છે. દર્શકોએ ખાસ કરીને એક યુવાન છોકરો જે પ્રેશર અનુભવે છે તે દર્શાવવાની ફિલ્મની ક્ષમતાની પ્રશંસા કરી છે જ્યારે તે ઘરના કામમાં ફાળો આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે - એક થીમ જે ઘણા પરિવારો સાથે પડઘો પાડે છે. આ ફિલ્મ એક બાળકના ઉછેર માટે કુટુંબ માટે જે લે છે તે બધું જ સફળતાપૂર્વક રજૂ કરે છે અને બાળક કેવી રીતે લાગણીનો બદલો આપે છે. એક ઓડિયન્સ મેમ્બરે કહ્યું, "ઈન્ટરવ્યૂથી મને એવું લાગ્યું કે હું મારા પોતાના જીવનની વાર્તા જોઈ રહ્યો છું. ચિત્રિત લાગણીઓ ખૂબ જ સંબંધિત હતી, અને ફિલ્મ મને રમૂજ, હૃદયની પીડા અને આનંદની સફર પર લઈ ગઈ. તે પરિવારો અને પ્રિયજનો માટે એકસાથે જોવા માટે એક સંપૂર્ણ ફિલ્મ છે કારણ કે તે દરેક ઘરમાં પડદા પાછળ શું ચાલે છે તે બતાવે છે - પ્રેમ, સમર્થન અને બલિદાન. હું આ અદ્ભુત ફિલ્મ માટે ક્રૂ અને કલાકારોને અભિનંદન આપું છું.".

### રેલવે મંત્રીએ લોકો નિરીક્ષકો સાથે વાત કરી

# લોકો નિરીક્ષકોએ જણાવ્યું હતું કે કવચ જેવી ટેક્નોલોજી પાઇલટ્સને મદદ કરશે અને આત્મવિશ્વાસ વધારશે



। અમદાવાદ, તા.૬ ।

કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમની નાસિકની મુલાકાત દરમિયાન મુખ્ય લોકો નિરીક્ષકો સાથે સુરક્ષિત ટ્રેન સંચાલન, ટેક્નોલોજીનું અપગ્રેડેશન, લોકો પાઈલટ્સ ના વિશ્રામ,નિયમિત તાલીમ જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી અને લોકો નિરીક્ષકો સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. નાસિક ખાતે ઈન્ડિયન રેલ્વે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ (આઈઆરઈઈએન) માં તાલીમ લઈ રહેલા ચીફ લોકો ઈન્સ્પેક્ટર ની સાથે રેલવે મંત્રીએ ભારતીય રેલ્વે પર લોકોમોટિવ સંચાલનના આધુનિકીકરણ અને સલામતીનાં પગલાં વધારવા સંબંધિત વિવિધ મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

રેલવે મંત્રી વૈષ્ણવે સામાન્ય રીતે તેમના તાલીમ અનુભવો અને ખાસ કરીને 'કવચ' ના ઉપયોગ વિશે સીએલઆઈ સાથે વાતચીત કરી. સીએલઆઈ એ આ વિષે તેમની આંતરદૃષ્ટિ શેર કરી કે કેવી રીતે કવચ સિસ્ટમ ઝડપ જાળવી રાખવા અને ટ્રેનસંચાલન દરમિયાન સલામતી અને સમયની પાબંદી બંનેમાં સુધારો કરવામાં તેમનો આત્મવિશ્વાસ વધારે છે.

ચર્ચાઓમાં આધુનિક બ્રેકિંગ સિસ્ટમ્સ, લોકોમોટિવ્સમાં નવી ટેકનોલોજી અને અસરકારક ક્રૂ મેનેજમેન્ટ પ્રેક્ટિસ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ભોપાલ ડિવિઝનના સીએલઆઈ એસ કે રાઠીએ તેમનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે, "જેમ ઈન્ટરલોકિંગ સ્ટેશન માસ્ટર માટે, પીએસસી સ્લીપર ટ્રેક ટ્રેકમેનને મદદ કરે છે, તેવી જ રીતે કવચ ટેક્નોલોજી લોકો પાઈલોટ્સને સુરક્ષિત ટ્રેન કામગીરીમાં મદદ કરે છે." એ જ રીતે, એક સીએલઆઈ એ કહ્યું કે કવચ ટેક્નોલોજી માત્ર સુરક્ષિત ટ્રેન કામગીરી તરફ દોરી જતી નથી પણ તેને અને તેના પરિવારને તણાવમુક્ત પણ રાખે છે. કવચ એસપીએડી (સિગ્નલ પાસિંગ એટ ડેન્જર) ની ઘટનાઓને રોકવામાં મદદ કરે છે અને લેવલ ક્રોસિંગ ગેટ પર સલામતી સુનિશ્ચિત કરે છે, એવો એક અનુભવ સીએલઆઈએ જણાવ્યો હતો.

# થોડી બેદરકારી અને ગફલત લાવે છે જીવનનો અંત

। યોગેશભાઈ આર જોશી કવિ/લેખક ।

ઉપરોક્ત વાક્ય રચનામાં એવું તારતમ્ય નિકળે છે કે કોઈ પણ કામ કરવામાં સાવધાની રાખવી બહુ જરૂરી છે. જો થોડી પણ ચૂક થાય તો આપણે તકલીફમાં મુકાઈ જઈએ છીએ. અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે "એ સ્પાર્ક નિગલેટેડ બર્ન્સ ધ હાઉસ" (A Spark Niglected Burns The House). મતલબ કે એક નાનકડી ચિંગારીની પણ અવગણના કરવામાં આવે તો એ આખું ઘર બાળી નાંખે છે. બે ત્રણ મહિના અગાઉ વડોદરા નગરમાં જે હોડી દુર્ઘટના બની એમાં બેદરકારી, ગફલત અને અસુવિધા સામે આવી. આના કારણે લગભગ ચૌદ જેટલાં નિર્દોષ ભૂલકાઓની જિંદગીનો અંત આવ્યો. પરંતુ જો હોડીમાં માપસરનાં બાળકો બેસાડ્યાં હોત, હોડીની યોગ્ય મરામત થઈ હોત અને બાળકોને સલામતી જેકેટ પહેરાવ્યાં હોત તો આ દુર્ઘટના ઘટી જ ન હોત અને કદાચ કોઈ કારણસર હોડી ઉંધી વળી ગઈ હોત તો પણ આટલી મોટી ખુવારી ન થાત.

એટલે તો સેફ્ટી અંગેની હિમાયત કરતી સંસ્થાઓ વારેઘડીએ ન્યુઝ પેપર, ભીંતચિત્રો, ચોપાનિયાં તથા સેફ્ટી અંગેના મેગેઝિન બહાર પાડે છે. પરંતુ લોકો તેમજ સત્તાધિશો આ બાબતને નજર અંદાજ કરે છે અને જ્યારે કોઈ આવી દુ:ખદ ઘટના ઘટે ત્યારે સફાળા નિંદ્રામાંથી જાગૃત થાય છે અને દોડાદોડ, તપાસ, એકબીજા ઉપર દોષારોપણ જેવી ઘટનાઓ શરુ થઈ જાય છે. આની અંદર પણ જે મોટાં માથાઓ સંડોવાયેલા હોય છે તે પૈસા અને લાગવગના જોરે છૂટી જાય છે અને નાના માણસોને સજા ભોગવવાનો વારો આવે છે. રોડ અકસ્માતોમાં પણ તમે તલસ્પર્શી અભ્યાસ કરશો તો જણાશે કે વાહનની યોગ્ય સમયે મરામતનો અભાવ, વાહનની બીનજરૂરી ઝડપ, સેફટીના સાધનોની અવગણના, વાહન ચાલકોનો નકામો આત્મવિશ્વાસ, ટ્રાફિકનાં નિયમોની અયોગ્ય જાણકારી, ચાલુ વાહને મોબાઈલમાં વાતો કરવી, આ બધાં કારણોસર રોડ અકસ્માતોનું પ્રમાણ ખુબ વધી ગયું છે. આપણે આમાંથી સુરક્ષિત અને સલામત રહેવું હોય તો સુરક્ષાનાં સાધનો વસાવવા જોઈએ, પૂરતી ચોકસાઈ રાખવી જોઈએ, બેદરકારી કે લાપરવાહી દાખવવી ન જોઈએ. ઘણાં લોકો એવી દલીલ પણ કરે છે કે મરવાનું તો એકવાર જ છે પછી શું ચિંતા કરવાની. આ એક પ્રકારની અતિશયોક્તિ છે. મૃત્યુ તો દરેક વ્યક્તિનું નક્કી જ છે, પરંતુ કૂતરાંના મોતે મરવા કરતાં સલામત રીતે જીવવું એ શાણપણની નિશાની છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. આ વાત સારી રીતે સમજી લો કે દુ:ખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.




માલદીવના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ મુઈઝુ અને માલદીવના પ્રથમ મહિલા સાજીધા મોહમ્મદનું નવી દિલ્હી એરપોર્ટ પર આગમન સમયે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન અને વિદેશ રાજ્ય મંત્રી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### તિરુપતિ મંદિરના પ્રસાદમાં ચરબી બાદ હવે જીવડું નીકળ્યું

। (એજન્સી) અમરાવતી, તા.૬ ।

આંધ્રના જગવિખ્યાત તિરુપતિ મંદિરના પ્રસાદમના લાડુમાં ઘીની જગ્યાએ માછલીનું તેલ, ગૌમાંસ અને પ્રાણીઓની ચરબીના તેલનો ઉપયોગ કરાતો હોવાના આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુના દાવાએ ખળભળાટ મચાવ્યો છે. આ દરમિયાન હવે એક ભક્તે દાવો કર્યો હતો કે તિરુપતિ મંદિરના પ્રસાદમાં જીવડું નીકળ્યું છે. ભક્તના આ દાવાને તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, તિરુપતિ મંદિરમાં બુધવારે (બીજી ઓક્ટોબર) બપોરે ૧:૩૦ વાગ્યે ભોજન પીરસવામાં આવી રહ્યું હતું. ત્યારે એક ભક્તે ફરિયાદ કરી હતી કે તેને પીરસવામાં આવેલા પ્રસાદમાં જીવડું નીકળ્યું હતું. આ ભક્તનું નામ ચંદુ છે અને તે વારંગલથી તિરુપતિ મંદિરમાં દર્શન કરવા આવ્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું, 'જ્યારે મેં કર્મચારીઓ સાથે આ મુદ્દો ઉઠાવ્યો તો તેમની પ્રતિક્રિયા ચોંકાવનારી હતી. તેઓએ કહ્યું કે ક્યારેક આવું થઈ જાય છે.' ટ્રસ્ટની બેદરકારી અંગે ચંદુએ જણાવ્યું હતું કે, મંદિરના કર્મચારીઓએ દાવો કર્યો હતો કે આ જીવડું પ્રસાદ આપવા માટે ઉપયોગમાં લેવાતા પાનમાંથી નીકળ્યું હશે.

### મેઘાલયમાં પૂરના કારણે ચારેકોર હાહાકાર મચી ગયો

। (એજન્સી) મેઘાલય, તા.૬ ।

મૂશળધાર વરસાદ અને પૂર જેવી વિકટ સ્થિતિ ભારતના અનેક રાજ્યોમાં જોવા મળી રહી છે ત્યારે હવે આ યાદીમાં મેઘાલયનું નામ પણ સામેલ થઈ ગયું છે. મેઘાલયમાં પૂરના કારણે ચારેકોર હાહાકાર મચી ગયો છે. ભારે વરસાદને કારણે અહીં પૂર બાદ ભૂસ્ખલન પણ જોવા મળ્યું. અહેવાલ અનુસાર મેઘાલયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. અનેક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે મેઘાલયની દક્ષિણી ગારો પહાડીઓમાં ભારે ભૂસ્ખલન થયું છે. આ સાથે જ ગેસુઆપરા વિસ્તારમાં પણ ભૂસ્ખલનના સમાચાર આવી રહ્યા છે. બીજી બાજુ હાથિયાસિયા સોંગમામાં ભૂસ્ખલનને કારણે એક જ પરિવારના ૭ લોકો મૃત્યુ પામ્યા હતા. ભૂસ્ખલન વખતે એક ઘરમાં ૩ સગીર સહિત ૭ લોકો હાજર હતા. ભૂસ્ખલન બાદ આ તમામ લોકો ભૂસ્ખલનના કાટમાળ નીચે દટાઈ જતાં મૃત્યુ પામ્યા હતા.

### કેજરીવાલનો ભાજપને મોટો પડકાર

# ૨૨ રાજ્યોમાં વીજળી મફત કરો, હું તમારો પ્રચાર કરીશ

**દેશમાં તેઓ સત્તા ગુમાવી રહ્યા છે : લોકો સમજી ગયા છે કે ડબલ એન્જિન સરકાર એટલે મોંઘવારી : કેજરીવાલ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે છત્રસાલ સ્ટેડિયમમાં જનસભાને સંબોધિત કરતાં ભાજપને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે. ભાજપ પર પ્રહારો કરતાં કેજરીવાલે ચેલેન્જ કરી છે કે, જો ૨૨ રાજ્યોમાં વીજ મફત કરો તો હું પોતે તમારો પ્રચાર કરીશ. કેજરીવાલે કહ્યું હતું કે, 'એક્ઝિટ પોલમાં હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપની ડબલ એન્જિન સરકારો બની રહી છે. પરંતુ ડબલ એન્જિન ફેલ થયું છે. ૨૪૦ બેઠકો આવી તેમાં જૂનમાં જ એક એન્જિન તૂટી ગયું હતું.' વધુમાં ઉમેર્યું હતું કે, 'આખા દેશમાં તેઓ સત્તા ગુમાવી રહ્યા છે. લોકો સમજી ગયા છે કે ડબલ એન્જિન સરકાર એટલે મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી. થોડા દિવસ બાદ દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી છે. હરિયાણામાં પણ ડબલ એન્જિન સરકાર બનાવી હતી, પરંતુ ત્યાંથી લોકો તેમનો સાથ છોડી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં સાત વર્ષથી ડબલ




એન્જિનની સરકાર હતી. લોકસભામાં અડધી સીટ થઈ ગઈ. મણિપુરમાં સાત વર્ષથી સરકાર હતી, મણિપુર આગમાં ભભૂકી રહ્યુ છે. તો શું આખો દેશ મણિપુર બનાવા માગે છે? હવે આવે તો ઈનકાર કરી દેજો.'

કેજરીવાલે કહ્યું કે 'તેઓ દિલ્હીની ચૂંટણીમાં પણ તમારી પાસે આવશે અને કહેશે કે અરવિંદ કેજરીવાલ જે કામ કરશે તે અમે પણ કરીશું. હું કહેવા માંગુ છું કે ભાજપ ૨૨ રાજ્યોમાં સત્તા પર છે, શું તેણે ક્યાંય વીજળી અને પાણી ફ્રી કરી છે? ગુજરાતમાં ૩૦ વર્ષથી સરકાર છે અને ત્યાં એક પણ સારી શાળા નથી. જો ભાજપ આ ૨૨ રાજ્યોમાં વીજળી ફ્રી કરશે તો હું દિલ્હીની ચૂંટણીમાં ભાજપ માટે પ્રચાર કરીશ.'

કેજરીવાલના સંબોધન પહેલાં આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યું કે 'ભારતીય રાજનીતિમાં લૂંટ અને વિનાશનો માહોલ છે. આપણા ભાઈ અરવિંદ કેજરીવાલે તેમનો મુકાબલો કરવાનું, ગુંડાઓનો સામનો કરવાનું અને તેમને મેદાન બતાવવાનું કામ કર્યું છે. જ્યારે કેજરીવાલે મફત વીજળી, પાણી, શિક્ષણ, સારવાર, બધું જ મફત આપવાનું શરૂ કર્યું તો, તેઓ તેમને અટકાવવા લાગ્યાં.'

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'દિલ્હીનું કામ નહીં અટકવા દઉં ભલે પછી મારે જેલમાં જવુ પડે. બસ માર્શલ્સને રોજગાર આપ્યો છે, જેથી બહેનો-દિકરીઓની સુરક્ષા સુનિશ્ચિત થાય. સીસીટીવી લગાવવા માટે પણ સંઘર્ષ કર્યો છે. મોદીજીની ભત્રીજી દિલ્હી આવી હતી, ત્યારે તેનું પર્સ ચોરાઈ ગયુ હતું તો કેજરીવાલે સીસીટીવીની મદદથી શોધખોળ કરી.

### ચેમ્બુર એરિયામાં સિદ્ધાર્થ કોલોનીમાં દુકાનમાં આગ લાગી

# મુંબઈના ચેમ્બુરમાં ભીષણ આગની ઘટના, ૫ ના મોત

**નીચે દુકાન હતી અને ઉપરના માળે પરિવાર રહેતો હતો જે આ આગનો ભોગ બન્યો હોવાનું માનવામાં આવે છે**

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

મુંબઈમાં આગને લગતી એક ઘટના બની છે, જેમાં પાંચ લોકોના મોત થયા હોવાનું જાણવા મળે છે. મુંબઈના ચેમ્બુર એરિયામાં આવેલી સિદ્ધાર્થ કોલોનીમાં એક દુકાનમાં લાગેલી આગમાં પાંચ લોકોના માર્યા ગયા છે. રવિવારે સવારે લગભગ ૫:૨૦ વાગ્યે ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનમાં લાગી હતી અને પછી ઈમારતમાં ફેલાઈ ગઈ હતી.

મુંબઈ પોલીસ અને ફાયર વિભાગને રવિવારે વહેલી સવારે જાણકારી મળી કે આગ એક બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર બનેલી દુકાનમાં શરૂ થઈ હતી અને ફેલાઈ રહી હતી. એવું જાણવા મળ્યું છે કે બિલ્ડિંગના એક માળની નીચે દુકાન હતી અને ઉપર પરિવાર રહેતો હતો. આગના કારણે બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પરની દુકાનમાં ઈલેકટ્રીકલ વાયરીંગ, ઈલેકટ્રીકલ ઈન્સ્ટોલેશન વગેરે સળગી ગયા હતા. તેમજ ઉપરના મકાનમાં આવેલ ઈલેકટ્રીકલ વાયરીંગ વગેરે વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી. બે માળની ઈમારતમાં નીચે દુકાન હતી અને ઉપરના માળે પરિવાર રહેતો હતો. પ્રાથમિક માહિતી પ્રમાણે આગની દુર્ઘટનામાં પતિ-પત્ની, બે બાળકો અને તેમના એક સંબંધીએ જીવ ગુમાવ્યો હતો. આગ લાગ્યા પછી બચાવ કર્મચારીઓએ બધાને બહાર કાઢ્યા હતા અને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડૉક્ટરોએ પાંચેયને મૃત જાહેર કર્યા હતા. હાલ પોલીસ અને સ્થાનિક તંત્રની ટીમ દ્વારા આ દુર્ઘટનાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં મળેલી જાણકારી પ્રમાણે નીચેના માળે જે દુકાન હતી તેમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થઈ હોવાની શક્યતા છે. દુકાન સળગ્યા પછી આગની જ્વાળાઓ ઉપર ગઈ હતી અને આખી ઈમારત તેમાં સળગી ગઈ હતી. નીચેના માળ પર જે દુકાન હતી તેમાં ઈલેક્ટ્રિક આઈટમો રાખવામાં આવી હતી અને તે આગનું કારણ હોય તેમ માનવામાં આવે છે. આગની અન્ય એક ઘટનામાં ભારત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની ઈમારતમાં શનિવારે આગ લાગી હતી. અગ્નિશમન વિભાગના એક અધિકારીએ આ માહિતી આપી હતી. શનિવારે રાતે બનેલી ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. મુંબઈમાં આવી આગની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. લગભગ એક મહિના અગાઉ લોઅર પરેલ વિસ્તારમાં કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં સ્થિત ૧૪ માળની ટાઈમ્સ ટાવર બિલ્ડિંગમાં આગ લાગી હતી.

### આ માસ્તરાણીને તો જલસા છે

# ૬ વર્ષ સ્કૂલે ન આવ્યા છતાં દર મહિને પગાર મળતો રહ્યો

। (એજન્સી) મેરઠ, તા.૬ ।

ભારતમાં ગરીબ બાળકોને સારું શિક્ષણ મળે તે માટે સરકારે ઘણી શાળાઓ ખોલી છે. શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે શિક્ષકોને નિયમિત રીતે શિક્ષકની નિમણૂક કરવામાં આવે છે. પરીક્ષા પાસ કર્યા પછી જ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે. પરંતુ ઘણા શિક્ષકો નોકરી મળતાં જ પોતાના અસલી રંગ બનાવવાનું શરૂ કરી દેતા હોય છે. શાળાએ ન આવવું, રજા ઉપર રજા લઈને સરકારી નોકરીનો ફાયદો ઉઠાવવો. આવી જ એક શિક્ષિકાને મેરઠના મૂળભૂત શિક્ષણ અધિકારી આશા ચૌધરીએ સસ્પેન્ડ કર્યા હતા. આ મામલો મેરઠના પરીક્ષિતગઢની એક પ્રાથમિક શાળાનો છે. અહીં એક શિક્ષકે પોતાની નિમણૂક બાદ શાળામાં આવવાનું બંધ કરી દીધું હતું. ફરીવાર નિમણૂક થયા બાદ શિક્ષક ૨૯૨૦ માંથી માત્ર ૭૫૯ દિવસ શાળાએ આવ્યા હતા. બાકીના દિવસોમાં તે ગુમ હતી. પરંતુ આ પછી પણ શિક્ષકના ખાતામાં દર મહિને સમયસર પગાર જમા થતો હતો. જ્યારે તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે શિક્ષકોની હાજરી સતત જોવા મળી રહી છે. આ કારણોસર તેમનો પગાર દર મહિને જમા થઈ રહ્યો હતો. હવે આ મામલે કાર્યવાહી કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું કારણઃ શિક્ષિકા સુજાતા યાદવ ઘણા સમયથી શાળાએ આવી ન હતી. તેની ગેરહાજરીને કારણે બાળકોના ભણતરને ભારે અસર થઈ રહી હતી. રજાની અરજી વારંવાર મંજૂર થતાં આ બાબતો ધ્યાને આવી હતી. જ્યારે શિક્ષકનું હાજરીપત્રક તપાસવામાં આવ્યું તો જાણવા મળ્યું કે શાળામાં ન આવવા છતાં તેની સંપૂર્ણ હાજરી જોવા મળી રહી હતી.

### યુદ્ધ વચ્ચે ઈઝરાયલ-ફ્રાન્સ વચ્ચે ખેંચતાણ

# ફ્રાન્સની ભલામણ પર નેતન્યાહૂ વિફર્યા તો મેક્રોને મારી ગુલાંટ!

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૬ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. ત્યારે આ વચ્ચે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે 'તમામ સભ્યો દેશો'એ ઈઝરાયલ સાથે મજબૂતીથી ઊભા રહેવું જોઈએ, કારણકે ઈઝરાયલ ઈરાનના નેતૃત્વ વાળી 'બર્બર શક્તિઓ' સાથે લડી રહ્યું છે. તેમણે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનના ઈઝરાયલ પર હથિયાર પ્રતિબંધ લગાવવાના આહવાનને શરમજનક ગણાવ્યું છે.

શનિવારે એક વિડીયો મેસેજ જારી કરતા વડાપ્રધાન નેતન્યાહૂએ તેને શરમજનક ગણાવતા કહ્યું કે, આતંકની ધુરી એક સાથે ઉભી છે પરંતુ જે દેશો કથિત રીતે આ આતંકની ધુરીનો વિરોધ કરી રહ્યા છે તેઓ ઈઝરાયલ પર હથિયાર પ્રતિબંધ



લગાવવાનું આહવાન કરી રહ્યા છે. હવે નેતન્યાહૂના આ નિવેદન બાદ તરત જ મેક્રોને ગુલાંટ મારી દીધી છે અને મેક્રોન ઓફિસે નિવેદન જારી કરીને સ્પષ્ટતા આપતા કહ્યું કે, ફ્રાન્સ ઈઝરાયલનો પાક્કો મિત્ર છે અને અમે ઈઝરાયલની સુરક્ષાનું સમર્થન કરીએ છીએ. આ સાથે જ એમ પણ કહ્યું કે જો ઈરાન અથવા તેના સમર્થક ઈઝરાયલ પર હુમલો કરશે તો ફ્રાન્સ હંમેશા ઈઝરાયલની સાથે ઉભું રહેશે. નેતન્યાહૂએ કહ્યું કે, જ્યારે ઈઝરાયલ ઈરાનના નેતૃત્વ વાળી બર્બર શક્તિઓ સાથે લડી રહ્યું છે ત્યારે તમામ સભ્ય દેશોએ ઈઝરાયલની સાથે મજબૂતીથી ઊભા રહેવું જોઈએ. તેમ છતાં ફ્રાન્સના પ્રમુખ મેક્રોન અને કેટલાક અન્ય પશ્ચિમી નેતા હવે ઈઝરાયલને હથિયાર આપવા પર પ્રતિબંધ લગાવવાની માગ કરી રહ્યા છે.તેમને શરમ આવવી જોઈએ. શું ઈરાન હિઝબુલ્લાહ, હૂતી, હમાસ અને તેના અન્ય સહયોગીઓ પર હથિયાર પ્રતિબંધ લગાવી રહ્યું છે? બિલ્કુલ નહીં. આતંકની ધુરી એક સાથે ઉભી છે પરંતુ જે દેશો કથિત રીતે આ આતંકી ધુરીનો વિરોધ કરી રહ્યા છે તેઓ ઈઝરાયલ પર હથિયાર પ્રતિબંધ લગાવવાની માગ કરી રહ્યા છે. આ કેટલી શરમજનક બાબત છે. નેતન્યાહૂએ પોતાના મેસેજમાં આગળ કહ્યું કે, ઈઝરાયલ સભ્યતાના દુશ્મનો વિરુદ્ધ સાત મોરચે પોતાનો બચાવ કરી રહ્યું છે.

### ભારતે પાકિસ્તાનને ચટાવી ધૂળ, ૬ વિકેટથી મેચ જીતી




। (એજન્સી) દુબઈ, તા.૬ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કરતા આઈસીસી ટી-૨૦ વિશ્વકપમાં પાકિસ્તાનને ૬ વિકેટે પરાજય આપ્યો છે. ન્યૂઝીલેન્ડ સામે કારમા પરાજય બાદ હરમનપ્રીત કૌરની સેનાએ વાપસી કરતા ટૂર્નામેન્ટમાં પ્રથમ જીત મેળવી છે. આ જીત સાથે ભારતે પોઈન્ટ ટેબલમાં ખાતુ ખોલાવી લીધું છે. મેચની વાત કરીએ તો પાકિસ્તાન મહિલા ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૦૫ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે ૧૮.૫ ઓવરમાં ૧૦૮ રન બનાવી મેચ જીતી લીધી હતી. પાકિસ્તાને આપેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાને જલ્દી પ્રથમ ઝટકો લાગ્યો હતો.

સ્મૃતિ મંધાના ૭ રન બનાવી આઉટ થઈ હતી. પરંતુ શેફાલી વર્માએ ધીમી પિચ પર ત્રણ ચોગ્ગા સાથે ૩૫ બોલમાં ૩૨ રન બનાવ્યા હતા. જેમિમા રોડ્રિગ્સ ૨૩ રન બનાવી આઉટ થઈ હતી. જ્યારે હરમનપ્રીત કૌર ૨૪ બોલમાં ૧ ફોર સાથે ૨૯ રન બનાવી રિટાયર્ડ હર્ટ થઈ હતી. આ પહેલા પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ સામે ભારતીય બોલરોનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. કરો યા મરો મુકાબલામાં ભારતે પાકિસ્તાનને ૧૦૫ રન પર રોકી લીધું હતું. ભારત તરફથી અરૂંધતી રેડ્ડીએ ૪ ઓવરમાં ૧૯ રન આપી ત્રણ વિકેટ લીધી હતી. તો શ્રેયંકા પાટીલે ૪ ઓવરમાં ૧ મેડન સાથે ૧૨ રન આપી બે વિકેટ લીધી હતી. આ સિવાય રેણુકા સિંહ, દીપ્તિ શર્મા, આશા શોભનાને એક-એક વિકેટ મળી હતી. પાકિસ્તાન તરફથી નિડા ડારે ૩૪ બોલમાં ૨૮ રન ફટકાર્યા હતા. આ સિવાય મુનીબા અલીએ ૧૭ રનનું યોગદાન આપ્યું હતું.

### અમેરિકાની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો જ બાકી । ટ્રમ્પનું કહેવું છે કે કમલા હેરિસની આર્થિક નીતિઓ અમેરિકાને ૧૯૨૯ સ્ટાઈલની મંદીમાં સપડાવી દેશે

# કમલા હેરિસની આર્થિક નીતિઓ USને મહામંદીમાં ધકેલી દેશે : ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકામાં હાલમાં ચૂંટણી છે પરંતુ જનતા મોંઘવારીથી પરેશાન છે. લોકોના ગ્રોસરી બિલ વધી ગયા છે અને ઘરના ભાવ પણ જાણે આસમાને જઈ રહ્યા હોય તેવી સ્થિતિ છે. લોકોને ઘરના ભાડા પણ પોષાતા નથી. તેવામાં ઘણા નિષ્ણાતો કહી ચૂક્યા છે કે અમેરિકામાં આગામી સમયમાં મંદી આવી શકે છે. પરંતુ બીજી વખત અમેરિકન પ્રમુખ બનવા માટે ધમાધમ કરી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે જો વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસનો આર્થિક એજન્ડા અમલમાં મૂકવામાં આવે તો અમેરિકાને ગ્રેટ ડિપ્રેસન એટલે કે મહામંદીમાં ધકેલી દેશે. ફોક્સ બિઝનેસને આપેલા એક ઈન્ટરવ્યુમાં રિપબ્લિકન પ્રેસિડેન્શિયલ કેન્ડિડેટ ટ્રમ્પે જણાવ્યું હતું કે, કમલા હેરિસ મોટી આફત સાબિત થશે. જો કમલા હેરિસની પોલિસીને અમલી બનાવવામાં આવે તો અમેરિકા ૧૯૨૯ સ્ટાઈલની મંદીમાં સદી પડશે અને આવું ૧૦૦ ટકા થશે. જેના કારણે કંપનીઓ અમેરિકામાંથી ઉચાળા ભરી લેશે અને નોકરીઓ છીનવાઈ જશે. બધી જ વસ્તુઓ અહીંથી જતી રહેશે. ટ્રમ્પનું કહેવું છે કે, તેમણે જોયેલી કમલા હેરિસ એકમાત્ર વ્યક્તિ છે જે જંગી ટેક્સ વધારાને લઈને પ્રચાર કરી રહી છે. ભૂતપૂર્વ પ્રમુખે ટેક્સ ફાઉન્ડેશનના તે એનાલિસિસનો પણ



ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે કમલા હેરિસની ટેક્સ પ્રપોઝલ્સ અમેરિકામાં ૮,૦૦,૦૦૦ નોકરીઓનો ભોગ લેશે. આ ઉપરાંત ટ્રમ્પે ધનિક વ્યક્તિઓ માટે અનરિયલાઈઝ્ડ કેપિટલ ગેઈન્સ પર ટેક્સ લગાવવાની ડેમોક્રેટિક પ્રમુખપદના નોમિનીની યોજના વિશે ચેતવણી પણ આપી હતી. ટ્રમ્પનું કહેવું છે કે, કદાચ આ પ્રત્યેક અમેરિકનને લાગું નહીં પડે. પરંતુ જેની પાસે ખેતર છે, જે નાનો બિઝનેસ ચલાવી રહ્યા છે તેમને તેમની મૂડી પર મનસ્વી રીતે ટેક્સ ચૂકવવા માટે દબાણ કરશે. તેથી તમારે મૂડી એકઠી કરવી પડશે, વેચવું પડશે અને સ્ટોક્સ તૂટી જશે. જેના કારણે વધારે સ્ટોક માર્કેટમાં સેલિંગ વધશે. જેનો મતલબ છે મંદી. લોકો આ દેશ છોડીને જતાં રહેશે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને ધ ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે હેરિસ પ્રમુખ જો બાઈડન દ્વારા તેમના તાજેતરના બજેટ પ્રપોઝલમાં કરવામાં આવેલા ટેક્સ વધારાને સમર્થન આપે છે. કમલા હેરિસના કેમ્પેઈન મુજબ આમાં ૧૦૦ મિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતી વ્યક્તિઓ માટે અનરિયલાઈઝ્ડ કેપિટલ ગેઈન્સ પર ૨૫ ટકા ટેક્સ અને કોર્પોરેટ ટેક્સનો રેટ ૨૧ ટકાથી વધારીને ૨૮ ટકા સુધીનો વધારો સામેલ છે. અનરિયલાઈઝ્ડ ગેઈન્સ પર ટેક્સ વસૂલવાનું પગલું ધનિક અને કોર્પોરેશનો પર ટેક્સ વધારવાના બાઈડન-હેરિસ એડમિનિસ્ટ્રેશનના વચનને અનુરૂપ છે. ડોનાલ્ડ ટ્રમ્પ જ નહીં પરંતુ થોડા સમય અગાઉ બિલિયોનેર સ્ટીવ ફોર્બ્સે પણ જણાવ્યું હતું કે, કમલા હેરિસની નીતિઓ મંદી તરફ દોરી જશે. જ્યારે અન્ય એક બિલિયોનેર અને કમલા હેરિસના સમર્થક માર્ક ક્યુબને ગત મહિને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, કમલા હેરિસનો અનરિયલાઈઝ્ડ કેપિટલ ગેઈન્સ ટેક્સ પ્લાન સ્ટોક માર્કેટને ખતમ કરી દેશે, અને જો તેઓ વ્હાઈટ હાઉસ માટે ચૂંટાય છે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકાસ સપ્તાહ


ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
7 ઑક્ટોબર 2001ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

# 23 વર્ષ...
## સફળ અને સક્ષમ નેતૃત્વના

24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર

ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત

ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત



સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત

ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત

રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત

દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત

પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત





## વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત